Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.16 - Issue 05
May 2023
Price 15/-



રાજયોગી બ્રહ્માકુમાર જગદીશભાઈજી
અવ્યકત સ્મૃતિ દિવસ 12-05-2001

Gyan Amrit Vol.16 | Issue 05 | May 2022 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

બ્રહ્માકુમારીઝના આંતરરાષ્ટ્રીય મુખ્યાલય આબુ રોડ ખાતે સંસ્થાના મુખ્ય પ્રશાસિકા આદરણીય દાદી રતનમોહિનીજીના ૯૯માં જન્મદિવસના ઉપલક્ષ્યમાં આયોજીત 'રાષ્ટ્રીય નશામુક્તિ ભારત અભિયાન'ના શુભારંભ કાર્યક્રમમાં શુભેચ્છા આપતાં ગુજરાતના મુખ્યમંત્રી ભ્રાતા ભૂપેન્દ્રભાઈ પટેલ. દાદીજીના ૯૯માં જન્મદિને કેક કાપીને અલૌકિક ઉત્સવમાં સહભાગી થતાં મુખ્યમંત્રી, દાદીજી તથા અન્ય મહારથીઓ, વિવિધ રાજ્યોના અભિયાન યાત્રીઓના ગ્રુપ.

રાજકોટ ખાતે 'વિશ્વ મહિલા દિવસે' ભારતીય જનતા પાર્ટીના મહિલા મોરચા દ્વારા વર્ષ-૨૦૨૩નો 'સુષ્મા સ્વરાજ એવોર્ડ' રાજયોગિની ભારતીદીદીને એનાયત કરતાં રાજ્ય ભાજપા મંત્રી ભગિની બીનબેન આચાર્ય તથા ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ.

ગુજરાત ગ્લોબલ રીટ્રીટ સેન્ટર ખાતે વિશેષ કાર્યક્રમમાં આશિર્વચન આપતાં દિલ્હી ઓ.આર.સી.ના ડાયરેક્ટર બ્ર.કુ. આશાબેન, મહિલા વીંગના રાષ્ટ્રીય સંયોજીકા બ્ર.કુ. શારદાબેન સાથે બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. નંદાબેન તથા ડૉ. મુકેશભાઈ.

અમરેલી ખાતે આયોજીત 'અલવિદા તનાવ' કાર્યક્રમનું દીપ પ્રગટાવી શુભારંભ કરતાં કાર્યક્રમના મુખ્ય વક્તા બ્ર.કુ. પૂનમબેન, નગરપાલિકાના પ્રમુખ ભગિની મનીષાબેન રામાણી, જીલ્લા પંચાયતના પ્રમુખ ભગિની રેખાબેન મોવલીયા, ભાવનગર સબઝોન ઈન્ચાર્જ બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. ગીતાબેન તથા અન્ય વિશિષ્ઠ અતિથિગણ.

સુરત મોટા વરાછા ખાતે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' અંતર્ગત 'બા-બહુ-બેટી સ્નેહમિલન સમારોહ' કાર્યક્રમમાં દીપ પ્રજવલ્લન કરી શુભારંભ કરતાં બ્ર.કુ. રંજનબેન, લંડનથી પધારેલ બ્ર.કુ. ગોપીબેન, નાયબ મામલતદાર ભગિની મનીષાબેન, એડવોકેટ ભગિની જીગીષાબેન, બ્ર.કુ. ફાલ્ગુનીબેન, બ્ર.ક. મીનાબેન.

If Undelivered Please Return to Publishing Place :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Publisher : Bharti Ranchhoddas Somaiya
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૬ | મે- ૨૦૨૩ | અંક : ૦૫

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- મરના તેરી ગલી મેં ....તંત્રી સ્થાનેથી ..04
- ભ્રાતા જગદીશભાઈ ....બ્ર.કુ. હેમંત ..06
- અસલી હું કોણ ....બ્ર.કુ.પ્રો. ચંદ્રવદન ..10
- રાજયોગ દ્વારા આત્માના ગુણોની ....બ્ર.કુ. ડો. ગિરીશ ..12
- સેવા માનવ જીવનનું આભૂષણ ....બ્ર.કુ. ગોદાવરીબેન ..16
- જ્વાલામુખી યોગની સંકલ્પના ....બ્ર.કુ.પ્રો. પ્રફુલ્લચંદ્ર ..19
- ઊંડા અંધારેથી... ....બ્ર.કુ. નરેન્દ્ર ..22
- ભાગ્યની ભવાઈ ....બ્ર.કુ. કરમશીભાઈ ..24
- દિવ્યદર્શન ....બ્ર.કુ. નંદિની ..26
- વિષચક્ર અને સુદર્શન ચક્ર ....બ્ર.કુ. અનિલ ..28
- પ્રાર્થના.......................................બ્ર.કુ. શંકરભાઈ ..29
- મીઠા જગદીશભાઈ ....બ્ર.કુ. પાયલ ..30
- પ્રસંગ પરિમલ 31
- પ્રભુ પ્રીત.....................................બ્ર.કુ. ભગવાન ..32
- સંગમયુગની શબ્દાવલી 34

2023ના લવાજમના નવા દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૩૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૨૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૫.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૬૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૨,૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 99798 99104

મુદ્રક અને પ્રકાશક
ભારતી રણછોડદાસ સોમૈયા

-:- વિશેષ નોંધ -:-

નાના-મોટા બધાજ સેવાકેન્દ્રો દ્વારા થયેલી વિવિધ સેવાઓના ઓરીજનલ હાઇરેઝુલેશન વાળા ચોખ્ખા, વ્યવસ્થિત, યોગ્ય ફોટા, મહેમાનોનું આખું નામ, બરાબર હોદ્દો, કાર્યક્રમની સંપૂર્ણ વિગતો સાથે ગુજરાતી જ્ઞાનામૃતના ઇમેલ પર જ આવકાર્ય છે. અગ્રતા ક્રમે ફોટા મળ્યા હોય, દરેક પ્રકારે ફોટાની ગુણવત્તાઓના આધારે ન્યાય અપાશે. જે મોબાઈલથી ફોટા પાડ્યા હોય તે મોબાઈલની ગેલેરીમાંથી જ ઓરીજનલ ક્વોલીટી વાળા ફોટા ઈમેલમાં એડ્રેસ કરવા. તમે whatsappમાં મોકલેલા અથવા તમને કોઈએ whatsappમાં મોકલાવેલ, કોઈના ફોરવર્ડ કરેલા ફોટા મોકલવા નહીં.
whatsappથી મોકલાવેલ ફોટા પ્રિન્ટિંગ ક્વોલિટી માટે બરોબર હોતા નથી.

જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય
Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.
Phone: 079 - 2532 4460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

मरना तेरी गली में, जीना तेरी गली में

યજ્ઞના પ્રારંભમાં જ્યારે સંસ્થામાં ગીતકારો, સંગીતકારો, ગાયકો નહોતા ત્યારે મીઠા બાબાએ ફીલ્મનાં ચુનંદાં ગીતો પસંદ કરીને, તેનું આધ્યાત્મિક અર્થઘટન કરી મુરલીઓ ચલાવી હતી. આ ગીતોનું સંગીત, ગાયક, ગીતના શબ્દો પ્રભાવિત કરે તેવાં હતાં, હૃદયસ્પર્શી હતાં. તા. 6-8-2018ની સાકારવાણીનું ગીત હતું, मरना तेरी गली में, जीना तेरी गली में. આ આખું ગીત સાંભળ્યું ત્યારે ભાવવિભોર થઈ જવાયું.

જિંદગીની કોઈ સોનેરી પળોમાં આપણને ઈશ્વરીય સંદેશ મળ્યો અને આપણે સૌ બાબાનાં બની ગયાં. પ્રારંભથી જ એક વાક્ય શિલાલેખની જેમ હૃદયમાં કોતરાઈ ગયું. તે વાક્ય હતું. योगी को एक ईश्वर के बल और भरोसे पर टिकना है। જો આપણા ઉપર કોઈએ આ માર્ગ પર જવાનું લાદ્યું ના હોય, માત્ર કોઈને રાજી રાખવા જ આ માર્ગ સ્વીકાર્યો ના હોય, પણ ઈશ્વરીય સંદેશથી સ્વાભાવિક રીતે હૃદયમાં પ્રભુમિલનના ભાવની ભરતી આવી હોય, રાજીખુશીથી, પ્રસન્નતાથી, હરિનો મારગ છે શૂરાનોના ભાનથી આ પથ સ્વીકાર્યો હોય તેના જેવું ભાગ્યશાળી કોઈ નથી.

જે પતિવ્રતા, ગુણિયલ સ્ત્રી સપ્તપદીની પ્રતિજ્ઞાઓથી લગ્નગ્રંથીથી જોડાય છે. ભારતીય સંસ્કૃતિના ઉચ્ચ આદર્શોથી જે સુખ-દુઃખ, નિંદા-સ્તુતિ, માન-અપમાન, સમૃદ્ધિ-ગરીબી વગેરે દ્વંદ્વોમાં એકરસ, પ્રેમપૂર્ણ રહી, દાંપત્યજીવનને આદિથી અંત સુધી સફળતાપૂર્વક જીવે છે તેની જિંદગી ધન્ય બની જાય છે.

ઉપરની વાત સાંસારિક જીવનની છે. જ્યારે આધ્યાત્મિક જીવનની યાત્રા તો ઊર્ધ્વગામી છે. જેમાં ત્યાગ તપસ્યા, સેવા, સમર્પણ મહત્ત્વનાં છે.

પ્રારંભમાં ઓમમંડલી વખતે જ્યારે સાક્ષાત્કારોનો પ્રવાહ શરૂ થયો ત્યારે સમૃદ્ધ પરિવારનાં, સુખ સગવડો ભોગવતાં, સાંસારિક સુખોમાં ડૂબેલાં માતાઓ તેમજ પવિત્ર કુમારીઓ આ યજ્ઞમાં દીવાની જ્યોતમાં પતંગિયાં સ્વાહા થઈ જાય તે રીતે સમર્પિત થયાં. આ બધું સ્વાભાવિક, ચુંબકીય હતું. તેમાં મરજીવા જન્મની સુગંધ હતી.

मरना तेरी गली में, जीना तेरी गली में...માં પથ સ્વીકાર્યાનો દૃઢસંકલ્પ છે. સર્વ પ્રકારની પરિસ્થિતિઓમાં ઉમંગ, ઉલ્લાસથી જીવવાનો નિશ્ચય છે. સુખ, સગવડો, સાધન, સંપન્નતા અને અતીન્દ્રિય સુખ મેળવ્યા પછી પરમાત્મા જાણે સમર્પણની કસોટી કરતા હોય તેમ બેગરી પાર્ટ આવ્યો. **જેઓએ પ્રસન્નતાથી, દૃઢ મનોબળથી આ પથ સ્વીકાર્યો હતો તેમની અવસ્થા એકરસ રહી. એમના પરમાત્મ નિશ્ચય અને અતીન્દ્રિય સુખમાં કોઈ ઓટ આવી નહીં.**

પ્રારંભમાં દાદીઓએ, ભાઈઓએ કેટલું સહન કરીને, કેટલી તકલીફો વેઠીને, અભાવોમાં પણ પ્રસન્નતાથી સેવા કરી. ત્યારે આજના જેવાં અદ્યતન ભવનો, સાધનો, સમૃદ્ધિ, વાહનો, અદ્યતન સંચાર સાધનો નહોતાં. આમ છતાં એમના ચહેરાઓની દિવ્યતા, પ્રસન્નતા અદ્દ્ભુત હતાં. યજ્ઞનાં ચૌદ વર્ષની તપસ્યા અને બાબા-મમ્માએ જે સર્વાંગી આધ્યાત્મિક શિક્ષણ આપ્યું, તાલીમ આપી તે વિશ્વની કોઈ પણ યુનિવર્સિટી આપી શકે તેમ નથી. પહેલાં યજ્ઞમાં બાબા-મમ્મા

અને મુરલી જ સર્વસ્વ હતાં.

मरना तेरी गली में .... અર્થાત્ મીઠા બાબા, આપ મને મળ્યા છો. મારું જીવન ધન્ય ધન્ય બની ગયું છે. આમ પરમાત્મા પ્રત્યે પદ્માપદ્મ આભારનો ભાવ પ્રગટે. આ મરજીવા જન્મ છે. પરમાત્માના બન્યા પછી દેહ, દેહના સંબંધો, અતીતની યાદો, ઈચ્છાઓ, અપેક્ષાઓ ના રહે. સંબંધો નિભાવવામાં પણ સાક્ષી, દૃષ્ટા, આત્મિક સ્વરૂપની, નષ્ટોમોહા અવસ્થા રહે. જ્યારે મમ્માને પુરુષાર્થ અંગે પૂછવામાં આવ્યું ત્યારે મમ્માએ કહ્યું કે, 'હું હરઘડીને અંતિમઘડી સમજીને પુરુષાર્થ કરું છું.' **મરવું અર્થાત્ અહંને ઓગાળી દેવો. મારું જીવન પરમાત્મા અને સેવામાં સમર્પિત છે. તેથી મને શહેર, ગામ, શેરી કે જ્યાં સેવા ચાલતી હોય ત્યાં જવાની તત્પરતા રહે. માન, શાન, સાધનો, સુવિધાઓની અપેક્ષા ના રહે. યજ્ઞ તરફથી જે કંઈ મળે તેમાં મારી પ્રસન્નતા રહે.**

શાંતિવનમાં યોજાયેલી આમંત્રિત ભાઈઓની ભઠ્ઠીમાં રાજયોગિની સંતોષદીદી (મુંબઈ)એ કહ્યું કે **'જો બધું છે તો ઈદ મનાવો, ના હોય તો રોજા રાખો.'** અર્થાત્ **દરેક પરિસ્થિતિમાં સમાન રહો.** રાજવી પરિવારની મીરાંએ કૃષ્ણભક્તિ માટે બધું છોડ્યું અને ગાયું કે **'કોઈ દિન ખાવાને શીરોને પૂરી તો કોઈ દિન ભૂખ્યાં સૂઈએ.'** પણ મીઠા બાબાએ કહ્યું છે કે **इस समय भी सच्चे सेवाधारी कभी भूखे रह नहीं सकते, दो रोटी जरूर मिलेगी (21-12-83 की अव्यक्तवाणी)**

જો પરમાત્માની યાદ, તેમનું કાર્ય, પુરુષાર્થ અને સેવાને દિલથી કરતા હોઈએ તો બાબા, યજ્ઞ તેની નોંધ જરૂર લે છે. બ્રહ્માવત્સો પણ જરૂર કદર કરે છે. આમ **મરવું અર્થાત્ જીવતેજીવ સંપૂર્ણ વૈરાગ્યપૂર્ણ બનવું.** મેં બાબાને ઓળખીને તેમના કાર્ય માટે જીવન સમર્પણ કર્યું છે, તો હું શા માટે અન્યને જોઉં ? શા માટે કોઈની સાથે તુલના કે સ્પર્ધા કરું. એક સમયે વિશેષ ગણાતા આત્માઓ પણ યજ્ઞ છોડીને ચાલ્યા ગયા. ડ્રામા અનુસાર મહાન આત્માઓએ પણ દેહત્યાગ કર્યા. પરંતુ **યજ્ઞ પરમાત્માનો છે, તેથી દિનદૂના રાત ચૌગુના પ્રગતિના પથ પર આગળ ધપી રહ્યો છે.**

આમંત્રિત ભાઈઓની ભઠ્ઠીમાં રાજયોગી નિર્વૈરભાઈએ પ્રશ્ન કર્યો કે અત્યારે બાબાના બાળકો કેટલા છે ? તો ઉત્તર મળ્યો કે દસ લાખ. તો ભાઈજીએ કહ્યું કે કરોડો. જે આત્માઓ મધુવનમાં, સેવાકેન્દ્રોમાં આવી ગયા છે. જેમને ઈશ્વરીય સંદેશ મળ્યા છે તે સૌ બ્રહ્માવત્સ નહીં બને તો યજ્ઞના મદદગાર, શુભેચ્છક તો જરૂર બને છે. તેથી આજે યજ્ઞ માટે અસંભવ કાર્ય પણ સંભવ બની રહ્યું છે. ભગીરથ કાર્યો પણ સંપન્ન બને છે. આ બધી બાબાની, બાબાના બાળકોની કમાલ છે.

આપણે આપણા ગુણો અને શક્તિઓની વિશેષતા દ્વારા ઉલ્લેખનીય કાર્ય કરીને વિશેષ આત્મા બનીએ. હંમેશાં વિશેષ આત્માઓનું જ ગાયન થાય છે. **તેથી બ્રાહ્મણ સો ફરિશ્તા બનીને જીવનના અંતિમશ્વાસ સુધી બાબાના બનીને રહીએ** એ જ શુભભાવના, શુભ કામના સાથે વિરમું છું.

॥ ૐ શાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

(પેજ નં. 32નું અનુસંધાન)... પ્રસંગ પરિમલ

સાક્ષાત્કાર થતાં જ માનવ એને એ રીતે ઠુકરાવી દે છે જે રીતે સંન્યાસીએ પારસમણિને ઠુકરાવ્યો હતો. આપણી કસ્તૂરી મૃગ જેવી દશા થઈ રહી છે. કસ્તૂરી નાભિમાં છે અને મનુષ્ય કસ્તૂરીની શોધમાં ભટક્યા કરે છે. ॥ ઓમશાંતિ ॥

દિવ્ય દૃષ્ટિ અને પ્રખર બુદ્ધિના ધણી
ભ્રાતા જગદીશભાઈ

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુરોડ.

મહાભારતનો આંખે જોયો અહેવાલ કહેનાર સંજય જેવી દિવ્યબુદ્ધિના ધણી, પરમજ્ઞાની, આદર્શ યોગી હતા રાજયોગી ભ્રાતા જગદીશજી. તેમણે પરમાત્મ જ્ઞાનને તીક્ષ્ણ, તેજસ્વી બુદ્ધિથી સમજી, સાધારણ વ્યક્તિ પણ સરળતાથી સમજી શકે તેવી સુલભ ભાષામાં ઈશ્વરીય સાહિત્યનું સર્જન કર્યું. આધ્યાત્મિક ક્ષિતિજના જ્ઞાન-સૂર્ય બની તેમણે અજ્ઞાનતાના અંધકારમાં ભટકતા અસંખ્ય નર-નારીઓને જીવનનો માર્ગ બતાવ્યો. જ્ઞાન સાગરને બુદ્ધિરૂપી ગાગરમાં સમાવનાર તેઓને બ્રહ્માબાબાએ 'સંજય' કહ્યા. મહાન બહુભાષી વિદ્વાન, દેશપ્રેમી, મનો-વિશ્લેષક, તત્વચિંતક, ઈશ્વર ઉપાસક, માતૃશક્તિ ઉદ્ધારક, શિક્ષણ સુધારક, આદર્શ શિક્ષક, સમાજસેવક વગેરે વિવિધ સ્વરૂપો તેમના બહુમુખી પ્રતિભા સંપન્ન વ્યક્તિત્વના વિરાટ ચરિત્રનું દર્શન કરાવે છે. દરેક ક્ષેત્રના જ્ઞાન પર પ્રભુત્વ ધરાવનાર, પ્રખર પ્રતિભાના ધણી જગદીશભાઈ બ્રહ્માકુમારીઝના મુખ્ય પ્રવક્તા હતા. મેળા, સંમેલનો, પ્રદર્શનીઓ વગેરે જેવી નવીન પદ્ધતિઓ દ્વારા દેશ-વિદેશમાં સેવાઓના શ્રી ગણેશ કર્યા. વિવિધ વર્ગોની સેવા માટે વિંગ્ઝ બનાવી અને અંતિમ શ્વાસ સુધી શિવપિતાને પ્રત્યક્ષ કરવા દધિચી ઋષિ બની પોતાના હાડકાં હોમી દીધાં.

ભ્રાતા જગદીશભાઈનો જન્મ મંગળવાર, તા. ૧૦ સપ્ટેમ્બર ૧૯૨૯ના રોજ મુલતાન (પાકિસ્તાન)માં થયો હતો, ત્યારે આ પાંચમા પુત્રરત્નને જમીનદાર પિતા 'બુદ્ધરામ' અને માતા 'ગંગાદેવી' પ્રેમથી 'ઋષિ' કહેતા હતા પરંતુ તેમનું આખું નામ હતું - જગદીશચંદ્ર હસીજા. તેઓ ખૂબ હસતા-હસાવતા અને કહેતા, 'મારું નામ જ છે - હસીજા એટલે હંસે જા!' અવ્યક્ત બાબાએ નામ આપ્યું, 'મનોહર ફૂલ'. તેમને ભગવાન પ્રત્યે અપાર પ્રેમ હતો. પાંચ વર્ષની ઉંમરે જ્યારે જ્યોતિનો સાક્ષાત્કાર થયો તો તેઓ મનમાં ને મનમાં ભગવાન સાથે વાતો કરતા, રોતા. ૧૨ વર્ષની ઉંમરે તેઓ સૂફી સંતો પાસે જઈ ધર્મ, જ્ઞાન, યોગની ચર્ચા કરતા. એકવાર તેમને વિચાર આવ્યો કે હૈદરાબાદ, કરાંચી તરફ ચાલો તો તેઓ એ તરફ નીકળ્યા અને આ બાજુ ઘરવાળા તેને શોધતા રહ્યા. ત્યાં સફેદ વસ્ત્રધારી બહેનોને જોયા, પરંતુ કંઈ સમજાયું નહીં, અને કંઈ મળ્યું નહીં, તેથી તે પાછા ફર્યા. બાળપણમાં જ તેમણે લગભગ તમામ મહત્વના ધર્મગ્રંથો વાંચી નાંખ્યા. તેમને દેશભક્તિનો પણ ખૂબ નશો હતો. મા પ્રત્યે અપાર પ્રેમ હતો. તેઓ માને લોટ બાંધવો, શાક કાપવું, દૂધ ઉકાળવું વગેરે કામોમાં મદદ કરતા. પિતાજી સાથે તેઓ ક્યાંક જાય તો 'મારો દીકરો' ન કહેતા પિતા પરિચય કરાવતા કે આ તો ભગવાનનો દીકરો છે. સૌથી નાનો હોવાને કારણે તે માતા-પિતાના રાજદુલારા, બધા ભાઈઓના પ્રિય હતા. ભારતના ભાગલા પછી તેઓ હરિયાણા આવ્યા. કુરુક્ષેત્ર અને સોનીપતમાં રહ્યા. થોડા સમય પછી ત્યાંની જમીન વેચી દીધી આખો

પરિવાર દિલ્હી આવી ગયો. ત્યાં તેઓ ટીચર્સ ટ્રેનિંગ કોલેજમાં પ્રિન્સિપાલની સાથે-સાથે હોસ્ટેલના વોર્ડન પણ રહ્યા. અહીં બાળકોને સારું ભોજન, ઘી, દૂધ, માખણ ખવડાવતા. તેમને ભણાવવાનો બહુ શોખ હતો. તેઓ કહેતાં, 'મનમાં આવે છે કે શેરીઓમાં જઈને અવાજ આપું, બાળકોને મોકલો, હું મફતમાં ભણાવીશ.' વિદ્યાર્થીકાળમાં પણ તેઓ નબળા વિદ્યાર્થીઓને વધારાનો સમય આપીને ભણાવતા હતા.

પટનાના દિવંગત કુંજ દાદીએ ભ્રાતાજીના અલૌકિક જન્મની વાત સંભળાવતાં કહ્યું હતું કે, જગદીશભાઈ આવ્યા તો લાગ્યું જાણે બાબાના સાચા પરવાના છે. એ દિવસોમાં હું દિલ્હીમાં હતી અને થિયોસોફિકલ સોસાયટીમાં પ્રવચન આપતી હતી. એક દિવસ અખબારમાં છપાયું કે આજે બ્રહ્માકુમારીઓ પ્રેક્ટિકલ યોગ શીખવશે. નક્કી થયું કે હું પ્રવચન કરીશ અને જાનકી દાદી યોગ શીખવશે. પરંતુ તેઓ ન આવ્યા. પ્રવચન પૂરું થતાં જ જગદીશભાઈએ કહ્યું, 'તમે માત્ર ભાષણ આપ્યું, યોગ ના શીખવ્યો.' મેં કહ્યું, 'જૂતા પહેરીને ખુરશી પર બેસી યોગ કેવી રીતે થાય?' તો પછી ૧૦ મિનિટમાં નીચે બેસવાની વ્યવસ્થા કરી. એટલામાં જ દાદી જાનકી આવી ગયા અને અમે બંનેએ યોગ કરાવ્યો અને પૂછ્યું, 'કોને અનુભવ થયો?' તો તેમણે કહ્યું, 'હું પહેલીવાર એકાગ્રચિત્ત થયો.' પછી તેમણે કોર્સ કરવા માટે ફોર્મ ભર્યું, તેના દૈહિક માતા-પિતાનું નામ લખ્યા પછી, જ્યારે આત્માના માતા-પિતાની વાત આવી ત્યારે તેણે જીદ કરીને કહ્યું, 'આત્મા અને પરમાત્મા બંને અનાદિ અવિનાશી છે, પછી પરમાત્મા પિતા કેવી રીતે થાય?' તો મેં કહ્યું, 'જ્યારે આત્મા પતિત બને તો તેને પાવન કોણ કરે? જે કાયાકલ્પ કરે છે એટલે કે પુનઃજન્મ (મરજીવા જન્મ) આપે છે, તેથી તે પરમાત્મા જ પિતા છે. આ સાંભળીને તેમને સંતોષ થયો. તેઓ દરેક વાત ઊંડાણપૂર્વક પૂછતા અને ૧૦ મિનિટ વહેલા જ આવી જતા. પાંચમા દિવસે આવ્યા ત્યારે મેં કહ્યું, ''મિરર' પત્રિકામાં છપાયું છે, બ્રહ્માકુમારીઓ ખ્રિસ્તી છે. મારે તેઓને લેખ લખીને આપવાનો છે. આથી, આજે કોર્સ નહીં થાય.' તો તેમણે કહ્યું, 'કોર્સ જરૂર થશે, હું લેખ લખીશ.' મેં સિંધીમાં લેખ લખીને આપ્યો તો તેમણે હિન્દીમાં સુધારો કરીને 'મિરર' વાળાને આપ્યો અને તેઓ કોર્સ કરતાં-કરતાં જ સેવા માટે નિમિત્ત બની ગયા.

શરૂમાં હું મમ્માની મહિમા સંભળાવતી કે જે સરસ્વતીની પૂજા કરીએ છીએ, તે માતેશ્વરી જ જગદંબા છે. તો કેસરને 'ઓ માઁ, જગદંબા માઁ...' આ ભાવનાત્મક સુંદર શબ્દોમાં પત્ર લખ્યો. બાબાને તે બહુ ગમ્યું એટલે તેની એક નકલ કરી મુંબઈ મોકલી. ૫-૬ મહિના પછી જ્યારે હું મધુબન જઈ રહી હતી તો તેમણે કહ્યું, 'હું પણ આવીશ.' એટલે દીદી મનમોહિનીએ કહ્યું કે 'જન્માષ્ટમી પર ભાષણ કોણ આપશે?' તો તેમણે કહ્યું કે 'ભાષણ તો માત્ર સો-બસ્સો જ સાંભળશે, પણ છાપામાં લેખ લખીને આપું તો હજારો વાંચશે.' દીદીએ બાબાને પૂછ્યું કે 'જગદીશ મધુબન આવવા માંગે છે.' 'પણ તેની બુદ્ધિ તેજ છે?' બાબાએ કહ્યું, '૧૦૮ વાર નિશ્ચય પત્ર લખાવીને મોકલો.' પછી તેણે ખંતપૂર્વક નિશ્ચય પત્ર લખ્યો. તે જોઈને દીદીએ કડકાઈથી કહ્યું, 'આ તો ૨૭ વાર લખ્યું છે.' તો તેમણે કહ્યું, 'પાછલું પાનું જુઓ ને !' તેમાં લખ્યું હતું, '૪ વખત વાંચો.' પછી દીદીને કહ્યું, 'લેખ લખ્યો, આટલું બધું કર્યું, શેના માટે? બાબાને મળવા માટે જ ને? હવે ગમે તેમ કરીને મધુબન મોકલો, પછી ૧૦૮ વખત તો શું, હજાર, લાખ વખત પણ લખી આપીશ.' મધુબન

ગયા ત્યારે ગીત વાગી રહ્યું હતું, 'આખિર વો દિન આયા આજ' અને રડતા રડતા જગદીશભાઈ બાબાને ગળે વળગી પડ્યા. હું સમજી ગઈ કે આખરે તેઓ બાબા પર કુરબાન ગયા અને હું નિશ્ચિંત થઈ. ખરા અર્થમાં તેઓ હતા બાબાના સાચા લાલ! મુરલીના દીવાના તો હતા જ. શરૂઆતથી અંત સુધી તેઓ ખૂબ જ વફાદાર, ઈમાનદાર, આજ્ઞાકારી, બલિહાર બાળક બનીને રહ્યા.'

દિલ્હી શક્તિનગરનાં ચક્રધારી દીદી ભ્રાતાજીની ખૂબીઓનું વર્ણન કરતાં કહે છે, 'ભાઈ સાહેબ, બહેનોને આદર આપતાં, સેવામાં આગળ રાખતાં, પ્રેમથી સેવા કરતા, શિયાળામાં સંતરા અને મધ ખવડાવતાં. તેમણે છત પર એક રસોડું બનાવ્યું હતું. તેઓ કહેતા કે બહેનો રોજ ખવડાવે છે તો હું પણ ક્યારેક ખવડાવું. જાતે બનાવી બહેનોને ખવડાવતાં. નાના બાળકોને બેસાડીને પ્રેમથી કહેતાં, 'ખૂબ ખાઓ'. ક્લાસવાળાને ખૂબ પ્રેમ કરતા. પ્રસાદને ખૂબ મહત્વ આપતાં. મધુબનના ૫ તોસાને પણ ૧૫૦ ભાઈ-બહેનોમાં શ્રદ્ધાથી વહેંચી દેતાં. રશિયાવાળા આવે તો કહેતા કે તેમને હલવો અને પકોડા ખવડાવો. હું કહેતી, 'આ વિદેશીઓ કેવી રીતે ખાશે?' તો કહેતાં, 'ભારતની વાનગીઓ છે, તેઓને જરૂર ખવડાવો.' કોઈ મળવા આવે તો સોગાત જરૂરથી આપતા. તેઓ ક્યારેય તેમનો જન્મદિવસ ઉજવવા ન દેતા. લૌકિક ભાઈ-ભત્રીજા મળવા આવતા તો તેઓને અલૌકિકતાથી મળતા અને સન્માન આપતા. મોટા ભાઈ જમીનના હિસ્સાની રકમ આપતા, તો પરબિડીયું પોતે ન ખોલી, મારા હાથમાં આપી દેતાં. મા મળવા બોલાવે તો કોઈ બહેનને જ્ઞાન આપવા લઈ જતા. યજ્ઞમાં ગરીબીનો સમય આવ્યો ત્યારે સિંધ હૈદરાબાદથી આવેલા જૂનાં વસ્ત્રો મળતાં, જેમાં પાયજામાનાં પગ નાના-મોટા હોવા છતાં એ જ પાયજામો પહેરીને તેઓ મોટા લોકોને મળતા અને કુશળતાથી વાતચીત કરી એપોઈન્ટમેંટ લઈ લેતા. મુસાફરી વખતે સોય-દોરો સાથે રાખતા. દરેક કામ દૃઢતાથી કરતા. સેવામાં કોઈ કાર નહોતી, તેથી બસ પકડવા માટે ગુલઝારદાદીને બસની સામે ઉભા રાખતા અને બહેનોને દરવાજેથી ફટાફટ ચઢાવી પછી ચઢતા. એક વખત આંબેડકર સ્પોર્ટ્સ સ્ટેડિયમમાં કાર્યક્રમ હતો, કુસ્તીબાજોએ સ્ટેજ તોડી નાખવાની ધમકી આપી ત્યારે તેઓએ કહ્યું, 'હું તમારો સામનો કરવા તૈયાર છું.' પછી કાનમાં યુક્તિથી કંઈક કહીને તેમને શાંત કરી દીધા. સમજદારીથી સમસ્યાઓનું નિરાકરણ કરતા, એટલે બાબા તેને 'ગણેશ' કહેતા. બિનજરૂરી ખર્ચ ન કરી, થોડાથી ગુજરાન ચલાવતા.'

જ્ઞાનામૃતના તંત્રી આત્મપ્રકાશભાઈ તેમની સાથેના સંસ્મરણો સંભળાવતા કહે છે, 'જગદીશભાઈ કહેતા કે દરેક કાર્ય બેસ્ટ(શ્રેષ્ઠ), ચીપેસ્ટ(સસ્તું) અને અર્લિએસ્ટ(ઝડપી) થાય, પણ ઝડપી અને સસ્તાનો અર્થ 'ખરાબ' નહીં. જ્ઞાન આપવાની કળામાં તેઓ નિપુણ હતા. એકવાર ઉર્દુમાં 'સાચી ગીતા' લખાવવા મુસ્લિમ ભાઈ પાસે ગયા કારણ કે તે દિવસોમાં ઉર્દુ ટાઈપિંગ નહોતું. જગદીશભાઈએ તેને સમજાવતા કહ્યું, 'આ કોના મહાકાવ્ય છે? લખનાર કેવો હોવો જોઈએ? તેણે શું-શું ન કરવું જોઈએ?' આ શબ્દો સાંભળતા જ તે દેહથી ન્યારો થઈ ગયો અને બોલ્યો, 'હું ખુદાને તો પછી મળીશ, પણ આજે તમારામાં જ ખુદાને જોઈ રહ્યો છું.' તેમની યોગયુક્ત વાણીમાં દેહને ભૂલાવનાર જાદુ હતો. તેમની યાદશક્તિ ગજબની હતી. એક કાર્યક્રમમાં વૈજ્ઞાનિક એલ. એસ. માથુરે અંગ્રેજીમાં ભાષણ આપ્યું અને ભાઈ-બહેનોને હિન્દીમાં

સંભળાવવાનું કહ્યું, તો જગદીશભાઈએ એક પણ શબ્દ ચૂક્યા વિના આબેહૂબ હિન્દીમાં સંભળાવ્યું. માથુરજીએ તેમની ખૂબ પ્રશંસા કરી. છેલ્લા સમયમાં જ્યારે તેમની તબિયત ખરાબ હતી ત્યારે ૪૦૦ પાનાનું 'કાર્ટૂન વ કહાવતે' પુસ્તક છપાઇ રહ્યું હતું. તેઓ ગ્લોબલ હોસ્પિટલથી જ ડાયરેક્શન આપતા રહ્યા અને કહ્યું કે કાગળ એક જેવો હોવો જોઈએ. પછી પૂછ્યું, 'પુસ્તક ક્યારે તૈયાર થશે?' તો મેં કહ્યું કે '૪-૫ દિવસ લાગશે?' તો કહ્યું, 'બહુ મોડું થઈ જશે.' જાણે તેમને અંતનો અહેસાસ થઈ ગયો હતો. 'કાર્ટૂન વ કહાવતે' પુસ્તક તૈયાર કરી, જ્ઞાનામૃત, 'વર્લ્ડ રિન્યુઅલ' વગેરે પત્રિકાઓ તેમને બતાવી તો તેમણે કહ્યું, 'ધારાધોરણ બરાબર જાળવવામાં આવ્યું છે.' મેં કહ્યું કે, 'તમે રામ અને હું નાનો ભાઈ ભરત, તમારો જ કારોબાર સંભાળુ છું.' તો તેમણે કહ્યું, 'ના, તમે પણ સારા અનુભવી બની ગયા છો. બધાને સાથે રાખીને સારી સેવા કરી રહ્યા છો. પ્રિન્ટીંગ ગુણવત્તા વધી છે. હું સંતુષ્ટ છું.' તેમના મોઢેથી આ સાંભળીને મારું હૈયુ ભરાઈ ગયું. તેઓ પુસ્તકો, લેખો અને અનુભવોના રૂપમાં અપાર જ્ઞાનનો ખજાનો આપી ગયા છે. તેમનું ધારણાયુક્ત અચલ-અડોલ જીવન આપણને હંમેશા પ્રેરણા આપતું રહેશે.

તેમને મળવાનું મને પણ અહો પદમાપદમ સૌભાગ્ય મળ્યું. કહેવાય છે કે તોફાનોમાં તોહફા(ભેટ) હોય છે. એવી જ રીતે, મારી જીવન નૈયા પણ માયાવી તોફાનોથી હચમચી રહી હતી. મારા મનમાં ઘણી મૂંઝવણો હતી. ત્યારે હું ગુલઝારદાદી પાસે દિલ્હી ગયો હતો. ત્યાંથી પછી ભાઈજીને પણ મળવા ગયો. અસ્વસ્થ હોવા છતાં તેમણે પિતા જેવી ભાસના આપી, સ્નેહથી વાતચીત કરી. તેમને કેટલીક બાબતો લેખિતમાં આપી હું પાછો ફર્યો. ૨-૩ દિવસ પછી ફરીથી પાંડવ ભવન(દિલ્હી) થી શક્તિનગર ગયો, પરંતુ તેમને મળવાની બીજીવાર મંજુરી ના મળી. હું ચાલતાં જ પાછો ફર્યો. અડધે રસ્તે જ યોગેશ ભાઈ (તેમના સેવાસાથી) સ્કૂટર પર આવ્યા અને કહ્યું, 'ભાઈસાહેબ તમને યાદ કરીને બોલાવે છે.' પછી પૂરી આત્મીયતાથી મળ્યા, દરેક વાતો સાંભળી, હળવો કર્યો, જાણે કે વિઘ્નહર્તાએ તમામ વિઘ્નોનો નાશ કરીને વિજયનાં વરદાનની ભેટ આપી દીધી!

તેમના સેવાસાથી યોગેશભાઈ અનુભવ વર્ણવે છે, ભાઈજી પોતાની સેવા ઓછી લેતા, બહેનો અને સેંટરની સેવા જ વધુ કરાવતા. એકવાર તેઓ જસલોક હોસ્પિટલના ૨૨મા માળે દાખલ હતા. એક દિવસ નાસ્તો બનાવીને લઈ ગયો, થોડું મોડું થયું. ૨૨માં માળે જવાનું હતું, લિફ્ટ ઉપર ગઈ હતી. તો સીડી ચઢીને ૭મા માળે પહોંચતા હું થાકી ગયો. પછી લિફ્ટથી પહોંચ્યો, ત્યાં સુધીમાં તે ટ્રીટમેંટ માટે જતા રહ્યા હતા. તેઓ સમયના ખૂબ જ પાબંદ હતા, સમયની ખૂબ જ કદર કરતા. નાના-મોટા સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર કરી તેઓને પોતાના બનાવી લેતા, દરેકની વિશેષતા પારખીને સેવા આપતા. હું નાનો હોવા છતાં તે મને મિત્ર તરીકે રાખતા. તેમનું જીવન સાદું હતું. રૂમ એક તરફ તો બાથરૂમ બીજી તરફ. તેને દેશ-વિદેશમાંથી ફોન આવતા. વિદેશીઓનો સૂવાનો સમય અને તેમના જાગવાનો સમય સરખો રહેતો, એટલે બાથરૂમમાં ફોન લાગેલો હતો, ત્યાંથી જ તેઓ કલાકો સુધી વાતો કરી સેવા નિર્દેશ આપતા. સત્યતા તેમને ખૂબ પસંદ હતી, જૂઠ તેઓ પકડી પાડતા. તેઓ પ્રેમ પણ ખૂબ કરતા અને સેવા પણ ઘણી કરાવતા. બપોરે ૧૧ થી

(અનુસંધાન પેજ નં. 32 પર)

અસલી હું કોણ

બ્ર.કુ. પ્રો. ચંદ્રવદન ચોકસી, નડિયાદ

તાજેતરમાં મેગાસ્ટાર અમિતાભ બચ્ચને પોતાના બ્લોગ પર એક રસપ્રદ સવાલ પૂછ્યો હતો કે..'મેં ઈન્સપેક્ટર વિજયનો રોલ કર્યો. ઋષિકેશ મુખરજીની પ્રખ્યાત ફિલ્મ 'આનંદ'માં ડોક્ટરનો રોલ કર્યો. અંડરવર્લ્ડના ડોનનો પણ રોલ કર્યો. 'અભિમાન' અને 'સિલસિલા' ચિત્રમાં પતિ અને પ્રેમીના રોલ કર્યા. આમ અનેકવિધ રોલ કર્યા. ક્યારેક થાય છે આ બધામાં અસલી અમિતાભ બચ્ચન કયો?

અનેક અભિનયમાં ખોવાયેલો હું....

અંગ્રેજ નાટ્યકાર વિલિયમ શેક્સપિયરે તેની એક નાટ્યકૃતિમાં મહત્ત્વનું વિધાન કર્યું છે. 'ધ વર્લ્ડ ઈઝ અ સ્ટેજ એન્ડ વી આર ઓલ એક્ટર્સ' (આ સમગ્ર વિશ્વ એક રંગમંચ છે અને આપણે સૌ વિશ્વનાટકના પાત્રો છીએ.) જેને જે રોલ મળ્યો હતો તે સારી રીતે ભજવવાનો હોય છે. આપણે સૌ આ સંસારરૂપી નાટકમાં પતિ યા પત્ની તરીકે, પ્રેમી યા પ્રિયતમ તરીકે, સંતાન યા મા-બાપ તરીકે, મિત્ર યા દુશ્મન તરીકે, વકીલ-જજ, ડોક્ટર-દર્દી, વેપારી-ગ્રાહક, મા-દીકરી, સાસુ-વહુ યા રાજકારણી તરીકે રોજ રોજ વિવિધ રોલ ભજવીએ છીએ. દીકરી સાથેના વ્યવહાર કરતાં વહુ સાથેના વ્યવહારમાં અવાજનો ટોન અલગ પડી જાય છે. ઉપરી યા બોસ સાથેના ટોન કરતા નોકર પટાવાળા સાથેના મિજાજ અને ટોનમાં ફરક હોય છે. પત્ની કરતાં પ્રિયપાત્ર સાથેના વ્યવહાર, ભાવ-ભાવના અને ટોનમાં ખાસ્સો એવો ફરક પડી જાય છે. જ્યાં સ્વાર્થ હોય છે ત્યાં જબાન મધ જેવી મીઠી હોય છે અને મતલબ નથી તો ઉપેક્ષા, અવમાન, નફરત વગેરેના રંગોથી જબાન કાંટા જેવી બની જાય છે. રોજ રોજના અભિનય આપણે કરીએ છીએ. આ બધાં પાત્રો એક જ વ્યક્તિ ભજવી શકે છે. જરા થોભીને જાતને પૂછીએ - આ બધા પાત્રોમાં મારો સાચો પરિચય કયો? મારું મૂળ સ્વરૂપ કયું?

કઈ છે મંઝિલ? જવાનું છે ક્યાં?

સદીઓ પૂર્વે પ્રખ્યાત દાર્શનિક સોક્રેટીસે યુવાનોના જૂથને પ્રશ્ન કર્યો હતો, 'તું તારી જાતને ઓળખ - Know Your Self તું ખરેખર કોણ છે? આ જીવનમાં તારે શું કરવાનું છે? ક્યાં જવાનું છે? કઈ છે તારી મંઝિલ?' એક કવિ તીરની જેમ શબ્દબાણ છોડે છે. - તૂને રાત ગંવાઈ સોય કે, દિવસ ગંવાયા ખાય કે, હીરા જનમ અમોલ થા, કૌડી બદલે જાય રે... તૂને જીવનભર ખાયા, પિયા, સોયા, બચ્ચે પૈદા કિયે, ... યે કામ તો પશુ ભી કરતે હૈ. દોનો મેં અંતર ક્યા? ઉપરવાળાએ માનવીને વિચારશક્તિ અને વિવેકશક્તિ બન્ને આપ્યાં છે. તેથી તે પશુ કરતાં જુદો પડે છે. જેને જ્ઞાન અને અજ્ઞાન, સત્ય અને અસત્ય, શ્રેય અને પ્રેય, કંચન અને કથીર, હીરો છે કે પત્થર - ભેદ સમજાય છે તેને જાગૃત મનુષ્ય કહેવાય છે. સંસ્કૃત ભાષામાં એક શ્લોક છે.

'येषां न विद्या, न तपो न दानं, ज्ञानंन शीलं, न गुणोनधर्मः। ते मृत्युलोके भूमिभारमूता, मनुष्य रूपेण मृगाश्चरंति।।'

જે મનુષ્યમાં વિદ્યા, તપ, દાન, જ્ઞાન, ચારિત્ર્ય, ગુણ કે ધર્મ નથી, તો તે આ પૃથ્વી પર ભાર રૂપ છે, માનવ સ્વરૂપે તે શીંગડા અને પૂછડાં વિનાના પશુ સમાન છે.

સબકુછ ગંવા કે હોશ મેં આયે તો ક્યા કિયા?

દુર્યોધન જેવા અહંકારી, ઉધ્ધત અને વિવેકશૂન્ય દુર્જનનો સૂતેલો આત્મા સર્વવિનાશના અંતે જાગે છે. ભર સભામાં એક સન્નારી - દ્રૌપદીનું દુ:શાસન પાસે ચીરહરણ કરાવી બેઈજ્જતી કરી તેને પોતાના સાથળ પર બેસવા કહે છે. એજ સાથળોને યુદ્ધને અંતે ભીમે ગજા પ્રહારથી લોહીલુહાણ કરી નાંખ્યા. હવે તે ઊભો થઈ શકતો નથી. હારીને ભાંગી પડોલો દુર્યોધન શ્રીકૃષ્ણને કહે છે -'जानामि धर्मम, नचमेप्रवृत्तिः जानाम्यधर्मम, नचमेनिवृत्ति।'

'હે કૃષ્ણ, ધર્મ શું છે તેની મને ખબર હતી, પરંતુ હું તેમાં પ્રવૃત્ત થઈ શક્યો નહીં, અધર્મ શું છે, તેની પણ મને જાણ હતી, છતાં હું તેનાથી નિવૃત્ત (બચી) શક્યો નહી.' આ છે દુર્યોધનની વિટંબણા. એક દુર્યોધનની નહિ, અનેક દુર્યોધનો અર્થાત્ દુર્જનોની આ જ છે વિટંબણા. જ્ઞાનને જાણવું, સાંભળવું - એટલું પૂરતું નથી. આચરણમાં આવે તે જ્ઞાન કામનું. બાબા કહે છે - 'સંગ તારે કુસંગ ડુબોયે' દુર્યોધનનો સંગ કયો હતો? કપટી શકુનિનો. શકુનિ એ જ તેને ગેર માર્ગે દોર્યો. પોતાની બુદ્ધિની લગામ તેણે કપટી શકુનિને સોંપી દીધી. પિતામહ, ગુરૂદ્રોણ કે માતા ગાંધારીની આજ્ઞા ન જ માની. અહંકાર અને સ્વાર્થવશ પાપ કર્મ કરતો જ ગયો. અંતે યુદ્ધ ભૂમિ પર લોહીલુહાણ થઈ પરાજીત થયો, બેહાલ થયો, ત્યારે પશ્ચાતાપ થયો. એ પહેલા શાન સમજ આવી હોત તો આવો કરુણ અંજામ આવ્યો ન હોત. કેટકેટલા બાળકોને અનાથ બનાવ્યાં? કેટકેટલી સ્ત્રીઓને વિધવા બનાવી? કેટકેટલાં સૈનિકો, રાજાઓ, રાજકુમારોના શિરચ્છેદ થયાં! માત્ર કુસંગ ને લીધે. આપણે કોના સંગે ચાલીએ છીએ? આપણી કર્મેન્દ્રિયો અને મન, બુદ્ધિ, સંસ્કાર કોને વશ થઈને વર્તે છે? એ રોજ રોજ, પળે - પળે તપાસવું રહ્યું. જે જાગૃત આત્મા છે તે જ પોતાનું અને અન્યનું ભલું કરી શકે છે. સૌથી શ્રેષ્ઠ સંગ છે - સતસંગ. સત્યનો સંગ. ગાંધીજી કહેતા, સત્ય એ જ ઈશ્વર. ઈશ્વર જે કહે તે જ સત્ય, એ જ શ્રીમત. ભગવતગીતા અર્થાત્ ભગવાનની વાણી તેને શ્રીમત ભગવતગીતા એટલે શ્રેષ્ઠ મત આપનારી ભગવાનની વાણી કહ્યું છે.

ભગવદ્ ગીતા એટલે ભગવાનની વાણી

ભગવદ્ગીતામાં પરમાત્મા અર્જુનને અર્થાત્ આત્માને સંબોધીને કહે છે કે તું કોણ છે - તે હું જાણું છું. તારા અનેક જન્મો છે તે તું જાણ. આ શરીરરૂપી વસ્ત્રને તું જન્મોજન્મો બદલે છે. જેમ જૂનું થયે નવું બદલાય તેમ. તું દેહરૂપી વસ્ત્રથી ભિન્ન આત્મા છે. દેહ અને દેહના સંબંધો હરેક જન્મે બદલાય છે. આ વાત મનમાં ધારણ કરીને તું આ દેહ અને દેહના સંબંધોમાં રચ્યોપચ્યો ન રહે. સ્વયંને શરીરથી ભિન્ન એવો આત્મા સમજ. આ આત્મા પાંચ તત્વોથી પર છે. તે દિવ્ય છે, અજર અમર છે. શાશ્વત-નિત્ય અને અવિનાશી છે. જ્યોતિબિંદુ સ્વરૂપ છે. સૂર્ય - ચંદ્ર - તારાઓ અને અંતરિક્ષની પેલે પાર પરમધામ - નિરાકાર - શાંતિધામ એ આત્માઓની અસલ દુનિયા છે. ત્યાંથી નીચે સાકાર દુનિયામાં આવીને, દેહધારણ કરીને તું કર્મેન્દ્રિયો દ્વારા ભિન્ન ભિન્ન પાર્ટ બજાવે છે. આ સાકાર જગતમાં તું પાર્ટધારી છે.

હવે રિટર્ન જર્નીની વેળા આવી પહોંચી છે

જેમ નાટક પૂરું થતાં પડદો પડે છે અન્ય સૌ એકટર્સ પોત પોતાના ઘરે ચાલી જાય છે એમ આ સૃષ્ટિ રૂપી મંચ પર ચારયુગોનું પાંચ હજાર વર્ષનું નાટક પૂરું થવા આવ્યું છે. હવે સૌ આત્માઓએ પોતાના અસલ વતનમાં પાછા ફરવાનો સમય થવા

(અનુસંધાન પેજ નં. 18 પર)

રાજયોગ દ્વારા આત્માના ગુણોની અનુભૂતિ

બ્ર.કુ. ડૉ. ગિરીશ પટેલ, મુંબઈ

આધુનિક યુગમાં દિનપ્રતિદિન તણાવ વધતો જ જાય છે. માનસિક તણાવને કારણે માથાનો દુઃખાવો, એસીડીટી, હૃદયરોગ, અસ્થમા, ડાયાબીટિઝ અને એવા બીજાં અનેક શારીરિક રોગો થવાની શક્યતા ખૂબ જ વધી જાય છે. વ્યક્તિના પારિવારિક અને સામાજિક જીવન પર પણ વિપરીત અસર થાય છે. તેની કાર્યક્ષમતા પણ ઓછી થઈ જાય છે.

મનને શાંત કરવાની અત્યંત આવશ્યકતા હોવા છતાં આજનો માનવ થોડી પળો માટે પણ પોતાને શાંત નથી કરી શકતો.

સહજ રાજયોગની એક આ વિશેષતા છે કે યોગના અભ્યાસ દરમિયાન વ્યક્તિ જે વિશેષ ગુણનો અનુભવ કરવા માંગે તે કરી શકે છે. તે ગુણને સંબંધિત મનન - ચિંતન દ્વારા તે ગુણના ઊંડાણનો અનુભવ કરી શકે છે. આત્માના નિજી ગુણ શાંતિ, પ્રેમ, આનંદ, પવિત્રતા અને શક્તિના અનુભવ માટે જ્ઞાન અને મનન-ચિંતનનું વર્ણન કરવામાં આવ્યું છે.

મનની શાંતિની અનુભૂતિ

વિજ્ઞાનની પ્રગતિ એ માનવને અનેકાનેક સુખ-સુવિધાનાં સાધનો આપ્યા છે. છતાં પણ મૃગજળની જેમ તે સાચી શાંતિની અનુભૂતિથી વંચિંત જ રહ્યો છે. આજનો માનવ ભૌતિક સાધનો દ્વારા શાંતિની પ્રાપ્તિની અપેક્ષા રાખે છે. પરંતુ વાસ્તવમાં આ બાહ્ય સાધનોમાં શાંતિ પ્રદાન કરવાની ક્ષમતા જ નથી. લાખો પ્રયત્નો કર્યા પછી પણ માનવ શાંતિ પ્રાપ્ત નથી કરી શક્યો કારણ કે તે પોતાને શરીર માનીને જ કાર્યવ્યવહાર કરે છે.

શાંતિની અનુભૂતિ માટે સર્વ પ્રથમ આ સ્વીકાર કરવું જ રહ્યું કે તમે આ નશ્વર દેહથી ભિન્ન અતિ સૂક્ષ્મ દિવ્ય જ્યોતિબિંદુ સ્વરૂપ આત્મા છો. બીજી વાત આ સમજાવી જોઈએ કે હું આત્મા જ શાંત સ્વરૂપ છું. શાંતિ કોઈ પણ બાહ્ય વ્યક્તિ, વસ્તુ અથવા વૈભવમાં નથી પરંતુ આત્માનો સ્વધર્મ છે. હું આત્મા જ શાંતિ સ્વરૂપ છું.

ત્રીજી વાત એ પણ સ્વીકાર કરવી પડશે કે સર્વ આત્માઓના પિતા પરમપિતા પરમાત્મા જ શાંતિના સ્ત્રોત છે. મન અને બુદ્ધિનો સંબંધ પરમાત્મા સાથે જોડીને જ આપણે શાશ્વત શાંતિનો અનુભવ કરી શકીએ છીએ. રૂપમાં બિંદુ પરંતુ ગુણોમાં સિંધુ પિતા પરમાત્માની યાદની નિરંતર શાંતિના પ્રકંપનો પ્રાપ્ત કરી શકાય છે.

શાંતિના અનુભવ માટે શરીરને સ્થિર અને મનમાં સંકલ્પોને શાંત કરીને નીચે જણાવેલા જે શુભ વિચારો છે તેના પર મનને એકાગ્ર કરવું.

ઓમશાંતિ... આ સૃષ્ટિ એક વિશાળ નાટક છે. આ નાટકમાં હું આત્મા એક અભિનેતા છું. આ નાટક વિવિધતાથી પૂર્ણ અને રહસ્યમય છે. આ નાટકમાં અન્ય પણ અનેક અભિનેતાઓ છે જે પોતપોતાનો પાઠ ભજવી રહ્યા છે. હું આત્મા બધાના પાઠને સાક્ષી બનેને જોઉં છું. ન્યારાપણાનો અનુભવ કરી રહ્યો છું. આ વિશાળ નાટકનાં દરેક પ્રકારના દ્રશ્યોને જોતાં હું બિલકુલ નિશ્ચિંત છું કારણકે જે થઈ રહ્યું છે તે સારા માટે અને જે થશે તે પણ સારું જ થશે. વાસ્તવમાં હું એક દિવ્ય જ્યોતિબિંદુ સ્વરૂપ આત્મા છું. આ સાકાર દુનિયાથી ખૂબ જ દૂર સૂર્ય, ચંદ્ર અને તારાગણથી

પણ પાર શાંતિધામ, પરમધામ મારું નિજી ઘર છે. શાંતિધામમાં સર્વત્ર સોનેરી લાલ પ્રકાશ છવાયેલો છે. ચારે તરફ શાંતિ જ શાંતિ છે. શાંતિનાં પ્રકમ્પનથી ઘેરાયેલો હું એક દિવ્ય તારો છું. હું આત્મા શાંત સ્વરૂપ છું. શાંતિ મારો સ્વધર્મ છે.

મનની આંખોથી હું પરમધામમાં જ્યોતિબિંદુ સ્વરૂપ પિતા પરમાત્માને જોઈ રહ્યો છું. મુજ આત્માના પિતા પરમાત્મા શાંતિના સાગર છે. હવે હું તે શાંતિનો ખૂબ જ ઊંડાણથી અનુભવ કરી રહ્યો છું. હું તેમનું સંતાન હોવાને કારણે શાંતિથી ભરપૂર છું. એક અનોખી મુક્તિનો અનુભવ થઈ રહ્યો છે. હવે હું ફરીથી દેહની સ્મૃતિમાં આવી રહ્યો છું. આ દિવ્ય શાંતિનો અનુભવ હું સર્વ આત્માઓને પણ કરાવીશ. કાર્ય વ્યવહાર કરતાં પણ બધાની ભૃકુટિનાં મધ્યમાં ચમકતા આત્માને જ જોઈશ... ઓમશાંતિ.

પ્રેમ સ્વરૂપની અનુભૂતિ

બાળક-વૃદ્ધ, સ્ત્રી-પુરુષ, ગરીબ-શાહુકાર દરેક માનવ સ્નેહ મેળવવાની આશા રાખે છે. મિત્ર સંબંધી વગેરે પાસેથી વ્યક્તિને સ્નેહ મળે પણ છે. પરંતુ તે સ્નેહમાં કોઈને કોઈ આશા રહેલી છે. જો તે આશા અથવા સ્વાર્થ પૂરો ન થાય તો સ્નેહમાં પણ ઓછપ આવી જાય છે તથા દેહધારી વ્યક્તિ જે પોતે નાશવંત છે, તે આપણને ક્યારેય પણ શાશ્વત રૂપમાં સ્નેહ ન આપી શકે.

પ્રેમ સ્વરૂપનાં અનુભવ માટે સૌ પ્રથમ એ સ્વીકાર કરવું જરૂરી છે કે દેહ અને દેહના સંબંધિત વાતો વ્યક્તિને શાશ્વત સ્નેહની પ્રાપ્તિ નથી કરાવી શકતી. શારીરિક આકર્ષણોથી તો ઊલ્ટું દુઃખ, નિરાશા અને વિકૃતિઓની જ વૃદ્ધિ થાય છે. બીજી વાત એ પણ સમજવી પડશે કે પોતાને શરીરથી ભિન્ન અને દિવ્ય જ્યોતિબિંદુ સ્વરૂપ આત્મા નિશ્ચય કરીને અન્ય વ્યક્તિઓને પણ આત્મા સ્વરૂપમાં જોશે ત્યારે જ સાચા અર્થમાં પ્રેમ સ્વરૂપનો અનુભવ કરી શકશે. હું આત્મા જ પ્રેમ સ્વરૂપ છું.

ત્રીજી વાત એ સ્વીકાર કરવી જોઈશે કે પરમપિતા પરમાત્મા જ એક એવી શક્તિ છે જે આપણે જેવા છીએ. જે છીએ તેવો જ આપણને પ્રેમ કરે છે. પરમાત્માનાં સ્નેહમાં કોઈ પણ સ્વાર્થ નથી. શિવ પરમાત્મા સર્વ આત્માઓના અનોખા માશુક છે. જેમને યાદ કરીને આપણે ભાવવિભોર થઈ જઈએ છીએ. અને હલકાપણાનો અનુભવ કરીએ છીએ. આપણા મન-બુદ્ધિને પરમપિતા પર ન્યોછાવર કરીને આપણે તેમના સાચા પ્રેમને મેળવી શકીએ છીએ.

પ્રેમની અનુભૂતિ માટે શરીરને સ્થિર અને મનમાં સંકલ્પોને શાંત કરીને નીચે જણાવેલા જે શુભ વિચારો છે તેના પર મનને એકાગ્ર કરવું.

ઓમશાંતિ... આ શરીર તો ફક્ત મારું એક વસ્ત્ર છે. આ વસ્ત્રને ધારણ કરવાવાળો હું એક ચૈતન્ય શક્તિ આત્મા છું. આ શરીર તો ફક્ત હાડકા-માંસનું પૂતળું છે. નશ્વર છે. હવે દેહનું આકર્ષણ છૂટતું જાય છે. હવે હું પોતાને અને અન્યને પણ આત્માના રૂપમાં જ જોઉં છું. મારો સ્નેહ સર્વ આત્માઓ સાથે છે.. હું સ્નેહ સ્વરૂપ આત્મા છું.. હું સર્વ આત્માઓ પ્રત્યે નિર્મળ સ્નેહનો અનુભવ કરી રહ્યો છું.

મારો અખૂટ સ્નેહ એક પરમપિતા પરમાત્મા સાથે છે. શિવ પરમાત્મા જ સત્ય છે, અતિ સુંદર છે, કલ્યાણકારી છે.. મારા મનના મીત છે. હું જે છું જેવો છું પરમાત્મા તો મુજ આત્માને સ્નેહ આપી રહ્યા છે. પરમાત્મા મારા અનેક જન્મોના માશુક છે. તેઓ દરેક પરિસ્થિતિમાં મને સાથ આપે છે. બસ, મન ચાહે છે કે હવે હું દિવ્ય જ્યોતિબિંદુ પરમાત્માને જોતો જ રહું.. પરમાત્મા દ્વારા મને સર્વ

સંબંધોનો સ્નેહ મળી રહ્યો છે.. શિવ પરમાત્મા મને માતા, પિતા, બંધુ, સખા અને સાજનનો સ્નેહ આપી રહ્યા છે. પરમાત્મા પ્રેમના સાગર છે. તેમના સ્નેહમાં હું મારી સુધબુધ ભૂલતો જાઉં છું. કેટલાં હલકાપણાનો અનુભવ થઈ રહ્યો છે. શિવબાબા મારી જન્મજન્માતંરની પ્યાસ બુઝાવી રહ્યા છે. અહા મીઠા બાબા, તમારો નિઃસ્વાર્થ સ્નેહ મેળવીને હું આત્મા ધન્ય ધન્ય થઈ ગયો છું. હવે હું મારી અંદર રહેલી બધી જ વિકૃતિઓથી મુક્ત થઈને સાચા સ્નેહનો અનુભવ કરી રહ્યો છું. હવે હું ફરીથી આ દેહની સ્મૃતિમાં આવી રહ્યો છું. પરંતુ કાર્ય વ્યવહારનાં સમયે સૌને આત્મિક સ્મૃતિમાં રહીને જ જોઈશ.. બધાને સાચો આત્મિક સ્નેહ દઈશ... ઓમશાંતિ.

આનંદ સ્વરૂપની અનુભૂતિ

જીવનભર વ્યક્તિ જે પુરુષાર્થ કરે છે તેની પાછળ પરોક્ષ કે અપરોક્ષ રૂપે આનંદની પ્રાપ્તિનું લક્ષ્ય રહે છે. વર્તમાન યુગમાં માનવ બહિર્મુખી બન્યો છે માટે વૈભવ કે પદની પ્રાપ્તિ થયા પછી પણ તેના મનનો આનંદ અમુક સમય સુધી જ ટકે છે અને તેનાથી વધારે વૈભવ કે પદ પ્રાપ્ત ન થવાનું દુઃખ તેને સતાવવા લાગે છે. આ રીતે તેનું જીવન ક્ષણિક આનંદ અને શોકની લહેરોમાં લહેરાતું રહે છે. સત ચિત આનંદ સ્વરૂપનો અનુભવ તેના માટે એક સપનું જ બનીને રહી જાય છે.

અતીન્દ્રિય આનંદની અનુભૂતિ કરવા માટે ઈન્દ્રિયોનાં આકર્ષણથી ઉપરામ થવું પડશે, આત્મિક આનંદની રસના લેવી જોઈશે અને નિશ્ચય કરવો જોઈશે કે હું આત્મા જ સત ચિત આનંદ સ્વરૂપ છું. મારા પિતા પરમાત્મા આનંદના સાગર છે માટે આનંદનો અખૂટ ખજાનો મારી પાસે ઉપલબ્ધ છે. આવા સત ચિત આનંદ સ્વરૂપનાં અનુભવમાં વ્યક્તિના રોમાંચ ખડાં થઈ જાય છે.

આનંદના અનુભવ માટે શરીરને સ્થિર અને મનમાં સંકલ્પોને શાંત કરીને નીચે જણાવેલા જે શુભ વિચારો છે તેના પર મનને એકાગ્ર કરવું.

હવે મને અનુભવ થઈ રહ્યો છે કે ભૌતિક પદ અને વૈભવનો આનંદ ક્ષણભંગુર છે. તે તો અહંકાર રૂપી વિકૃતિ નિર્માણ કરવાવાળો છે. આવા આકર્ષણોથી હું હવે મુક્ત થઈ રહ્યો છું. હવે મારામાં શુદ્ધ આત્મિક આનંદની ઈચ્છા વધી રહી છે. હું અનુભવ કરું છું કે વાસ્તવમાં આ દેહ તો નાશવાન છે. હું આત્મા અજર અમર અને અવિનાશી છું. આત્મિક સ્મૃતિથી જ સાચા આનંદનો અનુભવ થાય છે. હું આત્મા સત ચિત આનંદ સ્વરૂપ છું.

મારા કલ્યાણકારી શિવપિતા રૂપમાં અતિ સૂક્ષ્મ જ્યોતિબિંદુ સ્વરૂપ છે.. પરંતુ આનંદના સિંધુ છે. આનંદના સાગર પિતા પરમાત્મા દ્વારા આનંદના પ્રકંપન હું આત્મા પ્રાપ્ત કરું છું. સાચા રુહાની આનંદનો વારસો મને શિવપિતાથી પ્રાપ્ત થઈ રહ્યો છે.. હું મારા પ્યારા પિતાને અનેક સ્થાનો પર શોધી રહ્યો હતો. હવે તેમને મેળવવાનો અનોખો આનંદ અનુભવ થઈ રહ્યો છે. ઓ શિવપિતા, તમારા સાનિધ્યમાં સ્વર્ગીય આનંદનો અનુભવ થઈ રહ્યો છે. પરમ આદરણીય મીઠા બાબા, હું કેટલો સૌભાગ્યશાળી છું. તમે સ્વર્ગની સ્થાપના કરી રહ્યા છો. તથા મને તેના માટે લાયક બનાવી રહ્યા છો. પ્યારા પિતા, તમે મને જે આનંદની અનુભૂતિ કરાવી રહ્યા છો તેની સામે આ ભૌતિક વિશ્વનો આનંદ કંઈ પણ નથી. આ અતીન્દ્રિય આનંદનો અનુભવ કરીને હું આત્મા પૂરી રીતે સંતુષ્ટ બની ગયો છું.

હવે હું ફરીથી દેહની સ્મૃતિમાં આવી રહ્યો છું. પરંતુ દરેક પરિસ્થિતિમાં આત્મિક આનંદનો અનુભવ કરાવીશ... ઓમ શાંતિ.

પવિત્રતાની અનુભૂતિ

નિર્મળતા, શુદ્ધિ, પવિત્રતા વગેરે શબ્દો તો દરેક વ્યક્તિને ગમે છે પણ દેહ અને દેહધારીઓ દ્વારા પ્રેમ અને આનંદની પ્રાપ્તિની ચેષ્ટા કરીને આજનો માનવ અપવિત્ર અને દુઃખી બની ગયો છે. તેમાં વિષયવિકાર વધતાં જ ગયાં છે. પવિત્રતામાં એક મહાન શક્તિ છે જે આખા વિશ્વનું પરિવર્તન કરી શકે છે.

જીવનમાં પવિત્રતાનો અનુભવ કરવા માટે દેહ અને દેહની દુનિયા દ્વારા સ્નેહ અને આનંદ મેળવવાની આકાંક્ષા ન રાખતાં આત્મિક સ્મૃતિ અને આત્મચિંતન દ્વારા સ્નેહ અને આનંદનો અનુભવ કરવો જોઈએ. સ્વને આત્મા નિશ્ચય કરવાવાળી વ્યક્તિ સ્વાભાવિક રૂપથી જ દેહ અને દેહનાં આકર્ષણોથી મુક્ત હશે. માખણમાંથી વાળ જેટલી સરળતાથી નીકળી જાય તેટલી સરળતાથી તે વિષયવિકારમાંથી મુક્તિ મેળવી શકે છે.

જ્યારે વ્યક્તિ એકવાર પવિત્રતાનો સ્વાદ ચાખી લે છે ત્યારે તેને સંસારનાં સર્વ સુખો ફિક્કાં લાગવા માંડે છે. પવિત્રતાની અનુભૂતિ માટે એ સમજવું જરૂરી છે કે જેના પિતા પવિત્રતાના સાગર છે તો તે કેટલા પવિત્ર હશે?

પવિત્રતાના અનુભવ માટે શરીરને સ્થિર અને મનનાં સંકલ્પોને શાંત કરીને નીચે જણાવેલા જે શુભ વિચારો છે તેના પર મનને એકાગ્ર કરવું.

ઓમશાંતિ... હું એક શુદ્ધ પવિત્ર આત્મા છું. આ દેહ તો એક સાધન માત્ર છે. આ દેહથી ભિન્ન હું એક દિવ્ય જ્યોતિબિંદુ સ્વરૂપ આત્મા છું. હું આત્મિક સ્નેહ અને આત્મિક આનંદનો અનુભવ કરી રહ્યો છું. દેહ અને દેહના આકર્ષણોથી ન્યારો બનતો જાઉં છું. મારો નિજી ગુણ જ પવિત્રતા છે. હું પવિત્ર સ્વરૂપ આત્મા છું.

મારા પિતા પરમાત્મા પવિત્રતાના સાગર છે. તેમનું દિવ્ય સંતાન હોવાને નાતે મારામાં પવિત્રતાનો અખૂટ ખજાનો વિદ્યમાન છે. મારા કલ્યાણકારી શિવપિતા, તમે મને મારી સાચી ઓળખ આપી દીધી છે કે હું એક શુદ્ધ આત્મા છું.. હવે હું આત્મા પવિત્ર બનતો જાઉં છું. પવિત્રતા મારો સ્વધર્મ છે. તમારી પવિત્રતાની શક્તિ લેઝર કિરણોની જેમ મુજ આત્માને સંપૂર્ણ પવિત્ર બનાવી રહી છે. પ્યારા પિતા, તમે જ મને આ જ્ઞાન આપ્યું કે સતયુગમાં સંપૂર્ણ પવિત્રતા હશે. મારે સતયુગી વિશ્વને અનુરૂપ મારા સંસ્કાર બનાવવાનાં રહેશે. તમારી યાદથી હું આત્મા પવિત્રતાની શક્તિ પ્રાપ્ત કરી રહ્યો છું. હું જીવનમાં પવિત્રતાને અપનાવીને અન્ય આત્માઓને પણ પવિત્ર બનાવવાની પ્રેરણા આપીશ... ઓમ શાંતિ.

આત્મિક શક્તિની અનુભૂતિ

વર્તમાન યુગમાં જે વ્યક્તિ પાસે વધારે શક્તિ છે તેને જ મહાન માનવામાં આવે છે. પરંતુ જો કોઈની પાસે ખૂબ શારીરિક શક્તિ હોય પણ તે મનથી નબળો છે અથવા તેનો કર્મેન્દ્રિયો પર કાબૂ નથી તો એવી શારીરિક શક્તિ શું કામની? આપણને સૌથી વધુ મનની શક્તિની જરૂર છે.

મોટે ભાગે લોકો અનેક પ્રકારનાં સંકલ્પ રચે છે પરંતુ તેને વ્યવહારમાં નથી મૂકી શકતા કારણ કે તેમનામાં કંઈક કરવાની ઈચ્છા તો છે પણ તેને વ્યવહારમાં રાખવા માટે જે ઈચ્છા શક્તિ જોઈએ તેનો તેમનામાં અભાવ છે.

આત્મિક શક્તિની અનુભૂતિ અને વૃદ્ધિ માટે આપણે એ જાણવું જરૂરી છે કે આપણે જેવાં કર્મ કરીએ છીએ. જેવા સંકલ્પ કરીએ છીએ તેની અસર આત્મા પર પણ થાય છે. એવા જ આપણા સંસ્કાર બને છે. જો આપણા સંસ્કારોમાં દેહ-

(અનુસંધાન પેજ નં. 33 પર)

સેવા માનવ જીવનનું આભૂષણ છે

બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ

માનવજીવન અતિદુર્લભ છે. આપણે ધારીએ એટલી આ માનવ તન દ્વારા બીજાની સેવા કરી વર્તમાન તથા ભવિષ્યની શ્રેષ્ઠ પ્રાપ્તિ માટે પુણ્યની કમાણી કરી શકીએ છીએ. ઘરની, પરિવારની, સમાજની, દેશની, વિદેશની વિવિધ ક્ષેત્રે સેવાઓની ખામી નથી તેમ જ સ્વયંસેવકોની પણ ખામી નથી. પરંતુ એવી કઈ સેવા છે જે માનવજીવનનું આભૂષણ બની રહે.

કહેવત છે કે 'કરો સેવા તો પામો મેવા' આધુનિક યુગમાં અલ્પકાળની સેવાથી મળતા ભૌતિક સીમિત સુખના મેવાની ખામી નથી. જેવી રીતે ઘણાં લોકો અન્નદાન, વસ્ત્રદાન, જળદાન, ગૌદાન, દીપદાન, કુંભદાન, જ્ઞાનદાન, ચક્ષુદાન, ધનદાન, કન્યાદાન, અનેકાનેક પ્રકારોનાં દાનથી જીવનનો લ્હાવો લેતા હોય છે. કોઈ વળી ચકલાને ચણ કીડીને કણ, હાથીને મણ તો ગાયોના ધણને પણ ઘાસચારાનું દાન કરી સેવા કરે છે. ઘણા લોકો બીમાર માટે હોસ્પિટલો, શિક્ષણ પ્રાપ્તિ માટે શાળા-કોલેજો, છાત્રાલયો, ભોજનાલયો, વાચનાલયો, રમતગમત માટે ક્રીડાંગણો પ્રભુપ્રેમીઓ માટે શિવાલયો, મસ્જીદો, ગુરુદ્વારાઓ વૃદ્ધજનો માટે વૃદ્ધાશ્રમો વગેરે સ્થાપિત કરી સેવાનો લાભ લેતા હોય છે. પરંતુ વિચાર થાય છે કે લોકોનાં અનેક પ્રકારનાં અથક પરિશ્રમો માનવજીવનનાં પરિબળો ન લાવતાં પરાક્રમી ન બનાવતાં, પરિક્રમા કરી સૂર્યઅસ્તની જેમ પ્રાય: લોપ થઈ જતાં દેખાય છે. સેવા એના જીવનનું આભૂષણ કેમ બની નથી શકતી !

આપણે જાણીએ છે કે ગાયનું છાણ ઘરમાં છાણની સમાન લાગે છે પરંતુ એમાં રહેલી અંશત: શીતળતા ઉષ્ણતા નિ:સ્વાર્થ પરોપકારનું કામ કરતી હોય છે. છાણ છાણું બની પોતાની ઉષ્ણતાથી ઘણાનું ભાણું સંભાળી લે છે તો છાણ ઘરના આંગણામાં લીંપાઈને શીતળતાના સ્વરૂપે ઠંડક બક્ષે છે. તેવી જ રીતે માનવજીવનમાં રહેલી સેવા જ્યારે નિ:સ્વાર્થ ભાવે લોકોની સમક્ષ આવે ત્યારે શીતળતા આપે છે. એ જ સેવા નામ માન શાન સ્વાર્થપરાયણ થઈને કરવામાં આવે ત્યારે ફલસ્વરૂપે ઉષ્ણતા જ આપે છે. જેથી એ સેવા જીવનનું આભૂષણ બની નથી શકતી.

આજે ઘોર કલિયુગના કપરાકાળમાં આપણે નજર કરીએ તો વિશેષ ત્રણ પ્રકારના ઢગલાઓ જ દેખાય છે. એક તો જ્યાં ત્યાં કચરાઓના ઢગલા બીજા રસ્તા રીપેર માટે થતા માટીના ઢગલા અને ત્રીજા અવનવી સમસ્યાઓના ઢગલાઓ. જે ઢગલા માનવને સેવાના ક્ષેત્રે ડગલાં ભરવામાં આગલાને પાછલા જીવનમાં ધ્યાન કેન્દ્રિત કરાવી દે છે. જેથી સેવા માનવજીવનનું આભૂષણ બની નથી શકતી.

જેવી રીતે સ્થૂલ કચરાઓનાં ઢગલા છે. એને મહાનગર પાલિકાનાં લોકો ધીરે ખસેડી લે છે પરંતુ સૂક્ષ્મમાં કચરાઓના ઢગલા કે જે કામ, ક્રોધ, લોભ, મોહ, દેહ, અહંકારમાંથી ઉત્પન્ન થતા મારાતારાનાં ભાવો, કુસંસ્કારોનાં કિટાણુઓ દ્વારા પેદા થતાં લડાઈ ઝગડાઓ, હિંસક તોફાનો, બદનીતિ બેઈમાનીનાં ગંધાતા પાણીમાં આસુરી વૃતિના જીવડાં કે જે અશ્લીલ વાતાવરણ ફેલાવે છે. તેમ જ ઝેરીલા મચ્છરો સમાન અશુદ્ધ વિચારો,

મલિન વિચારો, કષ્ટ કાપવાને બદલે કષ્ટ આપવામાં નિપુણ એવા ગંદા મેલા પાપી ભ્રષ્ટ વિચારો રૂપી કચરાને જ્યાં સુધી અંતરઆત્મામાંથી ખસેડવામાં નહીં આવે ત્યાં સુધી સેવા માનવ-જીવનનું અંગ અથવા આભૂષણ બની નહીં શકે.

બીજા માટીના ઢગલાઓ એ સ્થૂલ ઢગલાઓ ધીરે ધીરે થાળે પડી જાય છે. પરંતુ દેહ અભિમાન રૂપી માટી તો માનવને ભૂલ ભૂલૈયાની રમતમાં લઈ જઈ દેહ અહંકારી રાવણ સમાન બનાવી દે છે. પછી ભલે એ ગરીબ હોય કે તવંગર, રાજ હોય કે રંક, સંન્યાસી હોય કે ગૃહસ્થી, નેતા હોય કે અભિનેતા, પતિ હોય કે પત્ની સાસુ હોય કે વહુ દેહ અભિમાનરૂપી માટીથી ખરડાયેલું મન ઉન્નતિનાં શિખરે પહોંચાડવાને બદલે અવનતિની ગટરમાં જ ફેંકાતું રહે છે. એનાં ઘમંડી બોલ, ચતુરાઈની ચાલ, ધોખાબાજ વ્યવહાર, મ્લેચ્છ આહાર વિહાર ઈર્ષ્યા અદેખાઈનાં રૂપો ઘડી એના ઉપર જ પ્રહાર કરતાં હોય છે. જેથી એ પુણ્યકર્મ, સત્કર્મ ન કરતાં પાપાત્મા બની આ દુનિયાનો તથા પ્રભુના ઘરનો અપરાધી બની જાય છે. જેથી સેવાને યોગ્ય રહેતો નથી. તો સેવાઓનું આભૂષણ બની જ ન શકે.

ત્રીજા છે સમસ્યાઓના ઢગલાઓ. લૌકિક સમસ્યાઓના ઢગલાઓ આજના સંસારમાં ઓછા નથી. દિવસે દિવસે વધતો જતો ભ્રષ્ટાચાર, દુરાચાર, ગરીબી, બેરોજગારી, નશીલા પદાર્થોનું સેવન, જનસંખ્યાની વૃદ્ધિ, હિંસક પ્રવૃત્તિઓ એ ઉપરાંત અનેકાનેક હાડમારીઓ, તડામારીઓનાં ઢગલાઓ સૂક્ષ્મ મનમાં વિકલ્પો સર્જી એકબીજાના આભારી બનવાનાં બદલે મારામારીનાં માર્ગે પહોંચી જાય છે. જેથી મનસામાં પણ સમસ્યાઓનાં ઢગલાઓ, વ્યર્થ સંકલ્પોનાં રૂપે વધતાં જાય છે એ પરઉપકારી, પર હિતકારીના બદલે પરનિંદા પરચિંતન, પરાઈમતના આધારે ચાલી સર્વના પ્રત્યે અકલ્યામકારી બની જાય છે. અન્ય આત્માઓની સેવા કરવાને યોગ્ય એ માનવ આત્મા રહેતો નથી. અનેક લોકોને દુઃખ દેવાને કારણે મન અંદર અંદર બળ્યા કરે છે. પાપકર્મોનું પ્રાયશ્ચિત ન કરવાના કારણે પશ્ચાતાપની અગ્નિ કોરી ખાય છે. જેને અગ્નિશામક સાધન પણ કશું કરી શકતું નથી. જે માનવ પોતે જ શક્તિહીન, બેહાલ, કંગાળ દર્દીની જેમ અનેકાનેક વ્યાધિથી પીડાતો હોય એ ભલે બીજા દર્દીની સેવા કરી શકે ખરો? સેવારૂપી આભૂષણ પહેરી શકે ખરો?

તો હવે આપણે કઈ સેવા કરીએ કે જેથી એ સેવા આપણા જીવનનું આભૂષણ બની શકે? એ સેવા છે ઈશ્વરીય સેવા. આધ્યાત્મિક સેવા કે સાચી માનવ સેવા. જે સ્વયં પરમાત્મા પિતા નિરાકાર શિવ પ્રજાપિતા બ્રહ્મા બાબાના માધ્યમ દ્વારા કહી રહ્યા છે કે હે મારા પ્યારા પુત્રો! સર્વ પ્રથમ તમે સ્વયંને સુધારવાની સેવા કરો. અનેકાનેક બર્હિમુખતાના વિચારો છોડીને તમે તમારા અંતર આત્માને ઢંઢોળો. તમે બીજાને બદલવાની કે બદલો લેવાની ભાવના્ છોડી તમે પોતે જ તમારા અવગુણગ્રાહી સંસ્કારો, સ્વભાવને છોડી દેવતાઈ શ્રેષ્ઠ દિવ્ય ગુણોને ધારણ કરો. શંખ, ચક્ર, ગદા, પદ્મ જેવા શ્રેષ્ઠ અલંકારો ધારણ કરી પાંચ વિકારો ઉપર વિજય પ્રાપ્ત કરો. જ્ઞાન અને યોગની શક્તિ વડે મનને પવિત્ર બનાવો કે જે મન નિઃસ્વાર્થ ભાવે શુભ ભાવે અન્ય આત્માઓને ઈશ્વરીય માર્ગે વાળી શકે. હે મીઠાં બાળકો! તમે કેટલા ભાગ્યવાન છો કે તમને સ્વયં ભાગ્ય વિધાતા ભગવાન મન, વચન, કર્મ ને સત્યતા, સભ્યતા તથા શુદ્ધતાનાં આભૂષણો પહેરાવી વિશ્વના આત્માઓની સેવા કરવાને યોગ્ય બનાવી રહ્યા છે. તમે જ વિચારો માયાએ તમારા શ્રેષ્ઠ સૌભાગ્યનાં સર્વે ચિન્હોને

છીનવી લીધાં હતાં. જેથી તમારું જીવન મારી સ્મૃતિથી મારી શક્તિથી, મારા યથાર્થ સ્વરૂપથી મારા સ્નેહ સહકારથી તથા સહયોગથી વંચિત થઈ ગયું હતું. પરંતુ હવે જાગૃત થઈને જુઓ! આ દુનિયા કાંટાના જંગલ સમાન થઈ ચૂકી છે. જ્યાં વાઘવરુની સમાન નાની મોટી સમસ્યાઓનાં ઢગલાઓ નીકળતા જ રહે છે. તમે શક્તિસ્વરૂપ બની ત્યાગ તપસ્યાનાં આસને બેસી એ વાઘવરુને તમારાં આસન બનાવી દો કે જે તમારાં દૈવી સ્વરાજ્યનાં સિંહાસનને કાયમ રાખવામાં મદદ કરે. હે મારા લાડકવાયા પુત્રો! તમે હવે ભોળા થાવ મા. તમે મુજ પરમાત્મા પિતા શિવ સ્વરૂપને સમજી લેવાથી શ્રેષ્ઠ વારસાથી વંચિત બની જાવ છો, સર્વોત્તમ સેવા કે જે મનસા, વાચા, કર્મણાથી સર્વ માનવજીવનમાં શુભચિંતક બની દિવ્ય જ્ઞાન, દિવ્ય ગુણ તથા દિવ્ય શક્તિનું દાન આપી કરી શકો તેનાથી પણ વંચિત રહી જાય છે. એટલે જાગ્યા ત્યાંથી સવાર ગણી સેવાના કર્તવ્યમાં લાગી જાવ.

હે મારા ઉત્તરાધિકારી બાળકો, 87 વર્ષ થયા મારો દિવ્ય અલૌકિક જન્મ પ્રજાપિતા બ્રહ્માના તનમાં થઈ ચૂક્યો છે. ખાસ આ કળીયુગ રૂપી ગોવર્ધન પહાડને હટાવી નવી શ્રેષ્ઠ સતયુગી સ્વર્ગીય દુનિયા સ્થાપન કરવા માટે. તો એ પવિત્ર કાર્યમાં અથવા સેવામાં તમો પણ જોડાઈ જાવ. સમય પાણીના રેલાની જેમ વહી રહ્યો છે. સ્વયં અને સમયને ઓળખીએ. સેવાને જીવનનું આભૂષણ બનાવી લો. ઈશ્વરીય સર્વોત્તમ કાર્યમાં મન, વચન, કર્મથી અથવા તન, મન, ધનથી, સહયોગી બનવાનો, મદદગાર બનવાનો ગોપગોપીઓની જેમ એક આંગળી સમાન સાથ આપવાનો મોકો ચૂકો નહિ, બાળકો આવો અણમોલ રતન બનવાનો લહાવો ફક્ત કલ્પના અંતે સંગમયુગે મળે છે. જ્યારે હું પોતે જ ગીતાનાં વચનો અનુસાર તમારી સમક્ષ આવીને ગીતાનું જ્ઞાન આપું છું તથા દિવ્ય ગુણોના ઘરેણાં પહેરાવી લક્ષ્મી નારાયણ સમાન બનાવું છું. તો સેવાધારી બાળકો! હર જનજનની જાગૃતિ કરાવો સર્વ માનવ આત્માઓને સંદેશ આપો. ઈશ્વરીય સેવા એ જ માનવજીવનનું સાચું આભૂષણ છે.

॥ **ઓમશાંતિ** ॥

(પેજ નં. 11નું અનુસંધાન)... અસલી હું કોણ

આવ્યો છે. માટે જલદી જલદી સૌ પોતપોતાનો પાર્ટ સમેટી લો. આ દેહ અને દેહના સર્વ વિનાશી સંબંધના હિસાબ - કિતાબ ચોખ્ખા કરી લો. શુદ્ધ - પાવન - ન્યારા (ડિટેચ) આત્મસ્વરૂપને ધારણ કરી લો. જેથી વિનાશની અગનઝાળથી બચીને સુરક્ષિત રીતે, સજાપામ્યા વિના, સ્વગૃહે - મુક્તિધામની યાત્રા કરી શકાય.

મુક્તિધામ એટલે આત્માઓની નગરી. જ્યાં સદા સ્વર્ણિમ લાલ રંગનો દિવ્ય પ્રકાશ ઝળહળે છે. જ્યાં આત્માઓ સત, ચિત્ત, આનંદ સ્વરૂપે શાંતિ અને પવિત્રતાના સ્વધર્મમાં રમમાણ છે. આને જ મોક્ષની સ્થિતિ કહેવાય છે.

વર્તમાન સમય કળિયુગી રાત્રીના અંતિમચરણમાં વહી રહ્યો છે. સાકાર પૃથ્વીલોકમાં ચારે કોર ભય, આતંક, ભ્રષ્ટાચાર, બળાત્કાર, અશાંતિ અને હિંસાના વરવાં દૃશ્યો દેખાય છે. માનવતા વ્યથા, વેદના અને પીડાથી કણસી રહી છે. વિનાશક અણુશસ્ત્રોના અપાર ગંજ ખડકાઈ ગયાં છે. મહાવિનાશની ઘડિયો નજીક ભાસે છે. આ યુગપરિવર્તનની વેળાના એંધાણ છે. સ્વર્ણિમ સતયુગના સૂર્યોદય પૂર્વેની અંધારી રાત્રીના અંતની આગાહી છે. જાગૃત મનુષ્ય એ છે જે સમયને પારખી લે છે અને સ્વયં ને જાણી લે છે.

॥ **ઓમશાંતિ** ॥

જ્વાલામુખી યોગની સંકલ્પના તેમજ પુરુષાર્થ

બ્ર.કુ. પ્રો. પ્રફુલ્લચંદ્ર શાહ, નડિયાદ

આપણે સૌ બાબાના રાજયોગી બાળકો નિયમિત યોગનો અભ્યાસ કરીએ છીએ. આ યોગાભ્યાસ દરમિયાન સમયાંતરે વિવિધ અનુભવો પણ કરીએ છીએ. જ્ઞાનની સમજ તેમજ યોગાભ્યાસથી પ્રાપ્ત થયેલી શક્તિના સમન્વયથી જીવનમાં થોડું ઘણું પરિવર્તન પણ લાવી શક્યા છીએ. બાબા પ્રત્યેના અતૂટ સ્નેહને કારણે બાબા સાથેના અનેક સંબંધોની રસનાનો પણ સૂક્ષ્મ વતનમાં અનુભવ કરીએ છીએ. પરંતુ રાજયોગના જે મુખ્ય લક્ષ્ય છે તેની સિદ્ધિમાં આપણે કાંઈક અંશે ઊણાં ઉતરી રહ્યાં છીએ. જન્મજન્માંતરના વિકર્મોનો વિનાશ, વિકારો પર સંપૂર્ણ વિજય, કર્મબંધનોથી મુક્ત થઈ કર્માતીત બનવું, સૂક્ષ્મ સંસ્કાર, સ્વભાવ, દ્રષ્ટિ તેમજ વૃત્તિમાં સકારાત્મક પરિવર્તન, ઈત્યાદિ રાજયોગના અભ્યાસના મુખ્ય લક્ષ્ય છે. આ લક્ષ્યની સિદ્ધિ માટે વર્તમાન સમયે આપણે જે સ્તરનો યોગાભ્યાસ કરીએ છીએ, તે કદાચ કારગત નીવડી ન શકે. આ માટે આપણે આપણા યોગાભ્યાસના સ્તરને ઉપર લઈ જવું પડશે. એટલા માટે બાબા પણ આપણને સામાન્ય પુરુષાર્થમાંથી તીવ્ર પુરુષાર્થી બનવાનું વારંવાર કહી રહ્યા છે. યોગની ઉચ્ચત્તમ અવસ્થા દ્વારા જ ઉપરોક્ત લક્ષ્યને સિદ્ધ કરી શકાય. આવી યોગની ઉચ્ચત્તમ અવસ્થા માટે બાબાએ 'જ્વાલામુખી યોગ' કે 'જ્વાલા સ્વરૂપ યોગ' શબ્દનો પ્રયોગ કર્યો છે. આ અવસ્થામાં પહોંચવા માટે જ્વાલામુખી યોગ શું છે? તેની સત્ય સંકલ્પના શું છે? તે અવસ્થા સિદ્ધ કરવા કેવા પુરુષાર્થની જરૂરત છે? વગેરેની સમજ અત્યંત આવશ્યક બની જાય છે.

જ્વાલામુખી યોગની સંકલ્પના

આપણા રાજયોગના અભ્યાસને અનેક રીતે આપણે ત્રણ સ્તરમાં વર્ગીકૃત કરી શકીએ. આ ત્રીજા ઉચ્ચતમ સ્તરના યોગને આપણે જ્વાલામુખી કહી શકીએ.

એક વર્ગીકરણ મુજબ યોગાભ્યાસના ત્રણ સ્તર છે. (૧) લગન અવસ્થા (૨) મગન અવસ્થા (૩) અગન અવસ્થા

લગન અવસ્થાના યોગમાં આપણો બાબા પ્રત્યેનો અસીમ સ્નેહ અભિવ્યક્ત થાય છે. અનેક સંબંધોથી બાબાને યાદ કરવાનો પ્રયાસ કરીએ છીએ. મહદ્ અંશે આ આપણી મનનચિંતનની અવસ્થા છે. આ સ્તરમાંથી ઉઠીને બીજા સ્તરમાં પ્રવેશીએ ત્યારે આપણે મગન અવસ્થાને પ્રાપ્ત કરીએ છીએ. આ અવસ્થામાં મનન-ચિંતનનું પ્રમાણ ઘટી જાય છે અને આપણે એક વિચાર બિંદુમાં મગન થઈ જઈએ છીએ. આપણે આપણા શાંતિ, આનંદ, પ્રેમ, પવિત્રતા જેવા સ્વધર્મોની સહજ અનુભૂતિ કરીએ છીએ. આ અવસ્થામાં પણ આપણે ઘણી પ્રાપ્તિઓ કરીએ છીએ. ત્રીજા ઉચ્ચતમ સ્તરમાં પ્રવેશતા આપણે અગન અવસ્થાને પ્રાપ્ત કરીએ છીએ, જેમાં આપણે બીજરૂપ અવસ્થામાં બાબા પાસેથી અનેક શક્તિઓને પ્રાપ્ત કરી ભરપૂર બનીએ છીએ. અંતે આ શક્તિઓ જ્વાલાનું સ્વરૂપ ધારણ કરે છે. આપણો યોગાભ્યાસ યોગાગ્નિમાં રૂપાંતરીત થઈ જાય છે. જેમાં ખૂબ જ પાક્કા સંસ્કારનું પણ સહજ પરિવર્તન થઈ જાય છે. આત્મા સર્વ પ્રકારના કર્મબંધનોથી મુક્તિનો અનુભવ કરે છે. તેમજ

જન્મ જન્માંતરના વિકર્મોનો બોજ હળવો થતો અનુભવીએ છીએ. અગન એવી હોય કે જેમાં વિકારોની તપન બુઝાઈ જાય.

બીજા પ્રકારના ત્રણ સ્તરના યોગને આપણે ચંદ્રમુખી યોગ, તેમજ જ્વાલામુખી યોગ પણ કહી શકીએ.

પ્રથમ સ્તરના ચંદ્રમુખી યોગમાં આપણે મહદ્અંશે યાદની અવસ્થામાં હોઈએ છીએ. બાબાની યાદની સાથે અન્ય યાદ જેમ કે વસ્તુ, વ્યક્તિ, દેહ તેમજ દેહના સંબંધોની યાદ પણ મિક્સ થવાની સંભાવના આ અવસ્થામાં રહેલી છે. ચંદ્રની તુલના માનવીના મન સાથે કરવામાં આવે છે. મન ચંચળ છે. આ અવસ્થામાં મનની ચંચળતા પ્રત્યક્ષ થવાની પણ સંભાવના રહેલી છે. બીજાસ્તરનો યોગ એટલે સૂર્યમુખી યોગ, જ્ઞાનસૂર્યનાં સદર્ભમાં બાબાની તુલના સૂર્ય સાથે આપણે કરીએ છીએ. આ અવસ્થામાં આપણે સૂર્યમુખી પુષ્પની જેમ સતત બાબાના અભિમુખ બનીએ છીએ. પરોક્ષ કે અપરોક્ષ રીતે આપણે સતત બાબાને જ જોઈએ છીએ. આપણો બુદ્ધિ રૂપી તાર બાબા સાથે જોડાયેલો રહે છે. ત્રીજા સ્તરના જ્વાલામુખી યોગમાં બીજરૂપ આત્મા જ્વાલા સ્વરૂપ ધારણ કરે છે. જેમાં આત્માની બધી જ ખામીઓ, નબળાઈ ઉણપો, નકારાત્મકતાઓ ભસ્મ થઈ સમાપ્ત થઈ જાય છે.

ઘણી મુરલીઓમાં બાબાએ આપણને લાઈટ હાઉસ, સર્ચલાઈટ તેમજ માઈટ હાઉસ બનવાની વાત કરી છે. લાઈટ હાઉસ અવસ્થા એ પ્રથમ સ્તરનો યોગાભ્યાસ છે. જેમાં જ્ઞાનરૂપી લાઈટનું આપણે મનન - ચિંતન કરતા હોઈએ છીએ. બીજી અવસ્થામાં આપણે એક સ્થાન પર સ્થિત થઈ ચારે તરફ શુભ સંકલ્પો, શુભ ભાવનાઓના કિરણો ફેલાવીએ છીએ. અંતિમ છેલ્લી માઈટ હાઉસ અવસ્થાએ આત્માની સૌથી શક્તિશાળી અવસ્થા છે. જે આપણી જ્વાલામુખી અવસ્થા છે. આ અવસ્થાના યોગાભ્યાસમાં રાજયોગના સર્વ લક્ષ્ય સિદ્ધ થાય છે.

આપણા યોગાભ્યાસને શંકુ (Cone) સાથે સરખાવી શકાય. શંકુના પાયાનો વ્યાસ (Diameter) સૌથી વધારે હોય છે. જેમ જેમ ઉપર જઈએ તેમ તેમ તેનો વ્યાસ તેમજ વિસ્તાર ઘટતો જાય છે અને જ્યારે સંપૂર્ણ ઉંચાઈ પર પહોંચીએ છીએ ત્યારે તેનો વ્યાસ શૂન્ય થઈ જાય છે અર્થાત તેનો વિસ્તાર પોઈન્ટમાં સમાઈ જાય છે. એ જ રીતે આપણા પ્રથમ સ્તરના મનન-ચિંતન વાળા યોગાભ્યાસમાં આપણે વિસ્તારમાં (Lateral Spread) હોઈએ છીએ. પરંતુ જેમ જેમ આપણે યોગની ઉંચાઈ (Vertical Height)ને હાંસલ કરીએ છીએ તેમ તેમ વિસ્તારમાંથી સારમાં જતા રહીએ છીએ અને જ્યારે યોગની ઉચ્ચત્તમ અવસ્થા પર પહોંચીએ છીએ ત્યારે આપણે આપણા સંપૂર્ણ સારરૂપ બિંદુ સ્વરૂપમાં સ્થિત થઈએ છીએ. આ સમયે આપણા યોગાભ્યાસનું યોગાગ્નિમાં પરિવર્તન થઈ જાય છે. આ અવસ્થા એટલે કે આપણી જ્વાલામુખી અવસ્થા.

જેમ સૂર્ય પ્રકાશના સામાન્ય કિરણો કાગળને બાળી શકતા નથી. તે રીતે આપણા પ્રથમ કે દ્વિતીય સ્તરના યોગાભ્યાસમાં આપણા વિકર્મો ભસ્મ થતા નથી, પરંતુ જ્યારે બિલોરી કાચ દ્વારા સૂર્યના કિરણોનું કેન્દ્રીકરણ કરવામાં આવે છે, તો તે કાગળને બાળી શકે છે. તે જ રીતે બાબા પાસેથી મળતા શક્તિના કિરણોનું કેન્દ્રીકરણ આપણી ઉચ્ચત્તમ જ્વાલામુખી અવસ્થામાં આપણી ચેતના પર થાય છે અને આપણા વિકર્મો ભસ્મ થાય છે.

જ્વાલા સ્વરૂપ સ્થિતિના અભ્યાસ માટે સર્વોત્તમ સમય છે. અમૃતવેલા

જ્વાલા સ્વરૂપની સ્થિતિ માટે વિશેષ યોગાભ્યાસની કોમેન્ટ્રી

સર્વપ્રથમ આત્મચિંતન - આત્મદર્શન દ્વારા સંપૂર્ણ પણે શરીરભાનથી મુક્ત થઈ આત્મિક સ્થિતિમાં સ્થિત થઈ જાવ અને સંકલ્પ કરો...

બ્રહ્મલોકથી બાબા મને જ્વાલા સ્વરૂપ અવસ્થામાં સ્થિત થવા માટે પ્રેરિત કરી રહ્યા છે. પરમધામથી દિવ્ય જ્યોતિ બાબામાંથી પાવરફૂલ શક્તિના કિરણો મારા ઉપર ઉતરી રહ્યાં છે. .... હું તેને સ્વયંમાં આત્મસાત કરી રહ્યો છું... બાબામાંથી નિકળતા તીવ્ર કિરણો મારી ભ્રુકુટિમાં પ્રવેશી મુજ આત્મામાં સમાઈ રહ્યાં છે અને તે કિરણો મારામાંથી નિકળી દૂર દૂર સુધી ફેલાઈ રહ્યાં છે. .. હું બાબા પાસેથી પ્રાપ્ત થયેલા કિરણોને જ્વાલા સ્વરૂપમાં પરિવર્તન કરી રહ્યો છું... મારી ભ્રૂકુટિમાંથી નિકળતો પ્રકાશ પુંજ સમસ્ત ભૂમંડળમાં ફેલાઈ રહ્યો છે અને ધીરે ધીરે આ પ્રકાશ સ્ત્રોત એક મોટા દાવાનળમાં પરિવર્તિત થઈ રહ્યો છે.. મારામાંથી નિકળતી શક્તિઓ, ચારે તરફ લાવા ફેલાતા સમાન, અગ્નિ રૂપ ધારણ કરી સમસ્ત અંતરીક્ષમાં ફેલાઈ રહી છે.. આ પ્રખર અગ્નિમાં મારા આત્માના તમોગુણી સંસ્કાર ભસ્મ થઈ રહ્યાં છે... હું આત્મા બોજમુક્ત થઈ રહ્યો છુ.... હું આત્મા સાચા સોના સમાન બની રહ્યો છું.. મારામાં મને સતયુગી સંસ્કારોનો અનુભવ થઈ રહ્યો છે... મુજબ આત્માને એકદમ હલ્કાપણાનો, સંપૂર્ણ પાપમુક્ત અવસ્થાનો તેમજ સંપૂર્ણ પવિત્રતાનો અનુભવ થઈ રહ્યો છે... હું બંધનમુક્ત થઈ રહ્યો છું.... ધીરે ધીરે હું માસ્ટર સર્વશક્તિમાન બનતો જઈ રહ્યો છું... આખું વિશ્વ

(અનુસંધાન પેજ નં. 29 પર)

જ્વાલામુખી સ્થિતિ માટેના પુરુષાર્થના સામાન્ય મુદ્દાઓ -

જ્યારે આપણે આપણું જીવન બાબાને સમર્પિત કર્યું છે ત્યારે મનમત અને પરમતથી દૂર રહી, બાબાએ આપેલી દરેક શ્રીમત પર ચાલવું આપણા માટે ખૂબ જરૂરી છે.

બાબાની પ્રથમ શ્રીમત છે યોગી બનો, પવિત્ર બનો. યોગી જીવનની દિનચર્યાનું ચુસ્ત પણે પાલન કરવું તેમજ મન, વચન, કર્મમાં અને દ્રષ્ટિ, વૃત્તિમાં પવિત્રતા લાવવી. સર્વ પ્રત્યેના આત્મિક દ્રષ્ટિકોણ દ્વારા સમત્વ તેમજ બંધુત્વનો ભાવ કેળવવો ખૂબ ખૂબ જરૂરી છે.

બહિર્મુખતાને સમાપ્ત કરી, અંતરમુખી બનવાનો વારંવાર અભ્યાસ અત્યંત આવશ્યક છે.

વસ્તુ - વ્યક્તિ, પદાર્થ - પરિસ્થિતિ, સંપર્ક - સંબંધ, સાધન - સમૃદ્ધિ વગેરેના પ્રભાવ તેમજ આકર્ષણથી મુક્ત રહેવાના સતત અભ્યાસ દ્વારા બેહદની વૈરાગ્યવૃત્તિ આવશ્યક છે.

ત્યાગ વગર વૈરાગ્ય સંભવ નથી. વૈરાગ્ય વગર મુક્તિ સંભવ નથી. (No Salvation Without Renunciation) એટલે બાબા આપણને બેહદના ત્યાગી, સર્વાંશ ત્યાગી બનવા માટે શ્રીમત આપે છે, જેને આપણે જીવનમાં ઉતારવી આવશ્યક છે.

દરેક કર્મમાં યોગનો સમન્વય કરી સાચા અર્થમાં કર્મયોગી બનવાનો પુરુષાર્થ જરૂરી છે. આ અભ્યાસથી આપણે નિરંતર યોગીની અવસ્થા પ્રાપ્ત કરી શકીએ છીએ, જે જ્વાલા-સ્વરૂપની સ્થિતિ માટે જરૂરી છે.

સમયાંતરે આકારી ફરિશ્તા સ્થિતિમાં સ્થિત થવાનો તેમજ નિરાકારી બીજ રૂપ અવસ્થામાં સ્થિત થવાનો અભ્યાસ ખૂબ જરૂરી છે.

ઊંડા અંધારેથી

બ્ર.કુ. નરેન્દ્ર પટેલ, અલકાપુરી, વડોદરા

સોક્રેટીસને ઝેર આપવાની બધી તૈયારીઓ થઈ ગઈ છે. આસપાસ અતિવ્યથિત શિષ્યો બેઠેલા છે. એમના દુઃખોનો પાર નથી. ગુરુદેવના ચહેરા પર પરમ સ્થિતપ્રજ્ઞની દિવ્ય શાંતિ પથરાયેલી છે.

'ગુરુદેવ આપનું મરણ તો આવ્યું' એક શિષ્ય બોલ્યો. 'તમે મરણ અને અંતની ભાષામાં વાત ન કરશો. જીવનનું અંતિમ લક્ષ્ય મરણ નથી, પરમાત્મા સદૃશ્ય બનવું એ છે. જે આત્મા જીવન દરમિયાન પરમાત્માને અનુસરે છે, તેના જેવો તે થાય છે.'

સાચે જ કહેવાયું છે કે - 'અજબ હૈ યે દુનિયા કિ સડકોં પર ઉજાલે હૈ પર દિલોમેં અંધેરે હૈ.' આપણે આંતરિક અંધારામાં સુખ-શાંતિ-અનંત આનંદની શોધમાં બહાર નીકળી પડ્યા છે. પણ તેની પ્રાપ્તિ માટે તો આંતરદીપ જલાવવો પડે. દીવો અત્યારે ઉંઝાઈ ગયો છે. ઝાંખું અજવાળું પડે છે તેમાં જ્ઞાનઘૃત (ઘી) ઉમેરીએ તો જ દીવો પ્રજ્વલિત થાય.

એક ચિતંક શાંતિથી બેઠેલો. તેમના શિષ્યો તેમને મળવા આવ્યા. એકે પૂછ્યું 'કોઈ વિશેષ ચિંતન ચાલે છે?' 'જીવનનું શ્રેષ્ઠ ચિંતન કરી રહ્યો છું.' - ચિંતકે કહ્યું, 'એમ છે? તો અમને કહેશો તે શું છે?' 'જિંદગીનો હિસાબ કાઢું છું કે મારો કેટલો સમય સફળ થયો અને કેટલો નિષ્ફળ ગયો.' શિષ્ય, 'તે વળી કેવી રીતે કઢાય? તેનો માપદંડ કયો?' 'માપદંડ એક છે. જે સમય પરમાત્માના ધ્યાનમાં કે પરમાત્માના કામમાં ગયો તે સફળ અને બાકીનો બધો જ સમય નિષ્ફળ'.

સાચી વાત આ જ છે. આપણે તો આપણી ક્ષુદ્રવૃત્તિઓને પોષવા, સંતોષવા માટે જે પણ પ્રવૃત્તિઓ કરીએ તે સફળતાની ગણત્રીમાં લેવાય જ કઈ રીતે.

વિદેશમાં એક પુરુષ નર્સ હોસ્પિટલમાં કાર્ય કરતો હતો. ઘણા બધા પેશન્ટો આવતા. તેમાંના કેટલાક સાજા થઈને પરત ફરતા, કેટલાક મૃત્યુ પામતા. તે મૃત્યુ સમીપ (Near death) વ્યક્તિઓને કેટલાક પ્રશ્નો પૂછતો, તેમનો ઈન્ટરવ્યુ લેતો કે તેઓએ જીવનમાં શું મેળવ્યું અને શું રહી ગયું.. અનેક લોકોના ઈન્ટરવ્યુ લીધા બાદ તેણે તે અનુભવોને વર્ણવતું પુસ્તક બહાર પાડ્યું. તેણે તેમાં દર્શાવ્યું હતું કે જીવનમાં તેઓ અનેક કાર્યો કરી શક્યા હોત, જે તેઓ ન કરી શક્યા. તેમનો વસવસો હતો કે - પતિ, પત્ની, બાળકો, મિત્રો, સંબંધીઓ અડોશ-પડોશમાં રહેનારી વ્યક્તિઓ સાથે સમય ન વીતાવ્યો, વ્યવસ્થિત વ્યવહાર ન કર્યો, સ્વાર્થપૂર્ણ વ્યવહાર રાખ્યો, તેમના દુઃખોમાં સાથ ન આપ્યો - સહકાર ન આપ્યો, તેમને સુખ મળે તેવા કાર્યો ન કર્યા. માતાપિતાનું વ્યવસ્થિત ધ્યાન ન રાખ્યું. ઈશ્વર ચિંતનમાં સમય ન ફાળવી શક્યા. બધાએ આ બાબતમાં અફસોસ કર્યો કે ચિંતનમાં સમય ન ફાળવી શક્યા. પુસ્તકમાં તેણે સર્વ વાચકોનું ધ્યાન તે તરફ દોર્યું કે એકપણ વ્યક્તિએ એમ ન કહ્યું કે જીવનમાં ખૂબ ધન કમાઈ શક્યા હોત પણ ન કમાયા કે ઘર, કાર કે એવી ચીજો ખરીદી ન શક્યા... પણ સામાજિક કાર્યો, સંબંધો તથા ઈશ્વર સ્મરણ કે માનવતાપૂર્ણ કાર્યો ન કરવાનો તેઓને અફસોસ રહ્યો. આમ જીવનમાં સૌથી પ્રાધાન્ય આપતા લૌકિક કે ભૌતિક કાર્યો, ચીજ વસ્તુઓ - જીવનના અંત કાળે કોઈ જ રીતે કામ નથી

આવતાં. સત્કાર્યો કે ઈશ્વર સ્મરણ પરમાત્માએ આપેલ શ્રીમત અનુસાર કાર્ય કરવાથી જ અંતકાળે સંતોષ થાય છે.

હકીકતમાં ખરું જીવન એ છે, જ્યાં આપણે દિવ્ય ચેતનાની, સાત્વિક ઉર્જાની મધ્યમાં જીવીએ. એ વર્તુળમાંથી ખૂણા (ભૌતિકતાનું ખેંચાણ) નીકળી આવે એ ના ચાલે. મૃત્યુ સાથે જીવન પૂરું થતું નથી. આત્મા તો અનંત છે. અને અનંતતામાં વિસ્તરેલું છે. એક શરીર છોડીને બીજું લેવાના જ છીએ, પણ આપણા જીવનની દિવ્યતા એટલી વિશાળ હોય કે તે આખી દુનિયા સુધી વિસ્તરે. આટલું જ્ઞાન તો જરૂર હોવું જ જોઈએ. બાકી સીમિત ખાબોચિયામાં કૂદકા માર્યા કરીએ તેનો અર્થ જ શું?

એક પાગલખાનામાં એક વ્યક્તિએ ત્યાં સ્વીમીંગ પુલ બનાવવા માટે ખૂબ મોટું દાન આપ્યું. સ્વીમીંગ પુલ બની ગયો અને તેનો ઉપયોગ ચાલુ થઈ ગયો, પણ તે વ્યક્તિ ત્યાં જઈ ન ન શક્યો. બે-ત્રણ મહિના બાદ તેણે પાગલખાનાના સંચાલકને ફોન કરીને પૂછ્યું - 'કેવું ચાલે છે? તે સ્વીમીંગ પુલના પાગલો લાભ લે છે કે નહીં?' સંચાલકે કહ્યું, 'પાગલો તો ખૂબ જ ખુશ છે અને રોજ સ્વીમીંગ પુલમાં કૂદકા મારે છે ને ખૂબ જ આનંદ કરે છે.' પણ તે વ્યક્તિ એ ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે 'એવું તો કાંઈ નથી થયું ને કે કોઈ તેમાં ડૂબી ગયું હોય ને મૃત્યુ થયું હોય કે એવી કોઈ દુર્ઘટના તો નથી થઈને.' સંચાલક કહે કે, 'તમે તે બાબતે નચિંત રહે જો. ડૂબવાની કે એવી કોઈ ઘટના બનવાની જ નથી. કારણ કે અમે સ્વીમીંગ પુલમાં પાણી જ નથી ભર્યું.'

સાચે જ અનંત દિવ્યતાની સંભાવનાઓથી ભરેલા આ વિશ્વ કે માનવજીવનમાં આપણે ફક્ત ભૌતિક કૂદકાઓ મારીને ક્ષણિક સુખ શાંતિ આનંદ પ્રાપ્ત કરીએ તે કેવું કહેવાય? આપણે ભગવાનને પોકારીએ છીએ કે હે પ્રભુ અસત્યો માંહેથી પરમ સત્યે તું લઈ જા. ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.

સ્વયં પરમાત્મા આ પરમ તેજ તરફ લઈ જવા આવ્યા છે. સ્વયં જ્ઞાનસૂર્ય, જ્ઞાનસાગર પરમાત્મા આવીને આપણને જાગૃત કરતા કહે છે કે - 'હે માનવ આત્માઓ, તમે જીવનમાં ક્ષણિક સુખ શાંતિ આનંદ નહીં પણ શાશ્વત સુખ શાંતિ આનંત પ્રાપ્ત કરી શકો છો. તે માટે અંદર રહેલા અંધકારને દૂર કરવા આત્મરૂપી દીપ જગાઓ અને મુજ પરમાત્મા સાથે સંબંદ જોડીને જીવનને દિવ્ય બનાવો. હું તમને તમારા અસલી સ્વરૂપ, અસલી (original) ગુણો તરફ જાગૃત કરવા આવ્યો છું. તમે આ સ્થૂળ શરીર નહીં, પણ ચૈતન્ય શક્તિ આત્મા છો. તમે સુખ સ્વરૂપ, શાંત સ્વરૂપ, આનંદ સ્વરૂપ, પવિત્ર સ્વરૂપ આત્મા છો. આ બધા તમારા નિજ ગુણો છે. તમે જાગૃત થઈને સ્વયંને ઓળખીને સર્વ ગુણોથી સંપન્ન થઈને હવે દિવ્યત્વને પામો અને અન્ય આત્માઓને પણ દિવ્યતાથી ભરપૂર કરો.'

ચાલો તો એવા સુખ, શાંતિ, આનંદ, પવિત્રતા, પ્રેમ, શક્તિથી ભરપૂર એવા દિવ્ય જીવનને પ્રાપ્ત કરીએ. ચાલો ત્યારે....

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 25નું અનુસંધાન)... ભાગ્યની ભવાઈ

ઉક્ત કોયડાને યથાયોગ્ય સાંભળવા, માનવા, જાણવા કે અનુભૂતિ દ્વારા સ્પષ્ટતા મેળવવા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનાં નજીકના સેવા કેન્દ્રની અવશ્ય મુલાકાત લ્યો આભાર!

॥ ઓમશાંતિ ॥

ભાગ્યની ભવાઈ

બ્ર.કુ. કરમશીભાઈ, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ

ધાર્યું ધણીનું થાય, ઈશ્વરેચ્છા, બલિયસિ, પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળું. ભાગ્યમાં હોય તો જ ભોગવાય. Man Proposes and God Disposes. વાવો તેવું લણો. કરો તેવું પામો. કરેલું કોઈનું વ્યર્થ જતું જ નથી. આમ આવું તો હરહંમેશ સાંભળતાં આવ્યા છીએ જ ! તેમ છતાં કુદરતી કરામત, ક્યાં કોને કેવી કચડે છે તે તાજેતર ચોમાસામાં સૌએ નજરે નિહાળ્યું. કહેવાય છે ખેડ, ખાતર અને પાણી લાવે પાકને તાણી એ મુજબ મહામહેનતે મેળવેલો મહામૂલા માહોલને 'મહા' ઝંઝાવાતે રગદોળી - કચ્ચરઘાણ કરી 'જગતાત'ને પાયમાલ જ કરી કાઢ્યો. શું આ પાડાને વાંકે પખાલીને ડામ કે પુરુષાર્થ / પ્રારબ્ધનાં વાંકે ડામ કે પછી બન્ને દોષિત જ! આમાં અગ્રતા ક્રમે કોને શોભાવશું!! શું આ નથી જ એક અતિ પેચિલો પ્રશ્ન (Complicated Question)! આ તો ભવાઈ જ તો!

એક અવસરે ચંદ્રગુપ્તે, ચાણક્યને કહ્યું, પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળું જ ખરું ને!! ચાણક્યે પ્રત્યુત્તર આપ્યો. પ્રારબ્ધ જો અગાઉથી જ લખાયું હોય, તો પુરુષાર્થ વ્યર્થ જ ને! જે નીચે દર્શાવેલ દ્રષ્ટાંત દ્વારા સમજવા પ્રયત્ન કરીએ.

નદી કિનારે નાનકડાં જંગલમાં સાધના કુટીરમાં સાધુ - સાધ્વી પ્રભુમય જીવન ગુજારે, નદી કિનારે આવતાં - જતાં પર્યટકો પાસેથી ભિક્ષાવૃત્તિ દ્વારા પોતાનું ગુજરાન ચલાવે. આ નદી કિનારા પર શ્રી કૃષ્ણ અને અર્જુન સવાર -સાંજે ફરવા નિકળે. એક દિવસ સાધુએ શિવસ્મૃતિ સહ. તેઓની સમક્ષ જઈ પોતાનો હાથ લંબાવ્યો. દયા દૃષ્ટિ સહ, પ્રસન્નચિત્તે, અર્જુને એક સોનામહોર ભરેલ થેલી સાધુના કરકમળમાં કેદ કરી. પારાવાર ખુશી સહ, ભાવવિભોર થઈ ઉતાવળા પગલે સાધુએ પોતાની કુટીર તરફ પ્રયાણ કર્યું. કુદરતની કરામત (ડ્રામા) કાંઈ કાચી તો નથી જ! અચાનક જ ઝાડીમાંથી એક લૂંટારો આવી ક્ષણમાં જ આ થેલી ઝૂંટવી. જંગલમાં જતો રહ્યો. સાધુનો આનંદ ક્ષણભંગુર! નિસાસો નાંખતાં, ખેર! મારા ભાગ્યમાં જ નહિં હોય. ભગવાનને ગમ્યું તે ખરૂં! એમ મન મનાવતો કુટીરે પહોંચ્યો!

બીજે દહાડે, ભાગ્યને દોષ દેતાં. તેણે પુનઃપુરુષાર્થનો પંથ પકડ્યો નદી કિનારે પહોંચતાં જ, તેની નજર શ્રીકૃષ્ણ - અર્જુનની જોડી પર ગઈ. ઉતાવળે પગલે આગળ વધી, ગઈકાલની લૂંટથી તેણે તેઓને વાકેફ કર્યા અને પુનઃ પોતાનો હાથ લંબાવ્યો. અતિ દયા દાખવી અર્જુને વળી સાધુને એક અતિ કિંમતી માણેક (હીરો) આપ્યો. સાધુ ઉભરાતાં આનંદે, દુઃઆઓની વર્ષા કરતો કુટીરે પહોંચ્યો. હવે આ કિંમતી હીરાને કઈ સુરક્ષિત જગ્યાએ રાખવો! તેણે ખૂણાં કાંઠા-તૂટેલ એક માટલું પડેલું જોયું. આ માટલાનો હાલ કોઈ જ ઉપયોગ નથી તેમ વિચારી છૂપકેથી આ હીરો તેમાં મૂકી હાશકારો અનુભવ્યો! આ જાણ, સાધ્વી સુદ્ધાને, પણ તેણે કરી જ નહિં.

થોડા દિવસ બાદ, સાધ્વી નદી કિનારે પાણી ભરવા ગઈ. ઓચિંતા જ ગમે તેમ. પાણી ભરેલ માટલું હાથેથી છટકી જતાં. નીચે પડ્યું ને તેના ટૂકડે-ટૂકડાં થઈ ગયા. સાધ્વી ખાલી હાથે કુટીર પરત આવી. કુટીરમાં ચારેબાજુ જોયું. પણ હવે કોઈ વાસણ ઉપલબ્ધ ન થતાં. તેણીએ પેલા ખૂણાંમાં પડેલ કાંઠા તૂટેલ માટલું લઈ, વળી પાછી

નદીએ આવી. માટલું ખૂબ જ ગંદું હોઈ નદીના પાણીમાં જ સાફ કરી, પાણી ભરી આવી. સાંજે સાધુની નજર ખૂણામાં ગઈ તો પેલું માટલું જ ગાયબ. જેથી દુઃખી થતો. ભાગ્યને દોષ દેતો નિરાશ થઈ તેણે સાધ્વીને પૂછ્યું. તે પેલું કાંઠા તૂટેલ માટલું લીધું છે. જવાબ મળ્યો 'હા', સઘળી વૃતાંત સંભળાવી. આ સાંભળતાં જ અત્યંત દુઃખ સાથે મનમાં, મારું ભાગ્ય જ ફુટલું છે. તેમાં કોને દોષ દેવો! નહિં તો વારંવાર શા માટે આવું બને! સારો પુરુષાર્થ એળે જ જાય છે! ભલે ભગવાનને ગમ્યું તે ખરું!

ત્રીજી વખત, તે જ નદી, તે જ કિનારો, તે જ જોડી! ગળગળો સાધુ, હાથ જોડી સામે ઉભો રહ્યો. આંખે આંસુ વરસે છે. બંનેની દયા દ્રષ્ટિએ સાધુને નિહાળ્યો! સાધુએ સઘળી માટલા માહિતી - સભર વૃતાંત કહી સંભળાવતા કહ્યું પ્રભુ ! શું મારું ભાગ્ય ફુટલું છે! ના! ના! નિરાશ નહિં થા! એમ શ્રી કૃષ્ણે કહી, પોતે જ (શ્રી કૃષ્ણ જ) સાધુને ફક્ત બે (૨) રૂપિયા જ આપ્યા! કોનો હાથ. કોનો સાથ. કોનો સહયોગ. શું જોગ, કેવા સંજોગ, કેવું ભાગ્ય વગેરે વગેરે સાધુએ અવનવા અનેક વિચારો કર્યા. દાતાઓએ તો દયા ખૂબ જ દાખવી પણ દેવોના દેવ સર્વોચ્ચ દાતા. પરમપિતા પરમાત્મા શિવને આ મંજુર નહિં જ હોય!

ખેર! મારા ભાગ્યમાં પણ કાંઠા તૂટેલ માટલું જ હશે! તેવામાં તેની નજર માછીમાર પર પડી. તેને વિચાર આવ્યો શું આ બે (૨) રૂપિયાથી મારા પેટનો ખાડો પૂરાશે? કાળગણિતવિદ્યા (Chronology) મુજબ સાધુને સ્વાર્થમુક્તિ. પરમાર્થ યુક્ત. પવિત્રતાસભર વલણ (Attitude) ઉદ્ભવ્યુ. જે સદૈવ 100% સફળતા આપે જ!

આમ તેણે વિચાર્યું લાવને એક માછલીને મોતના મુખમાંથી તો મુકાવું! સાધુ માછીમાર પાસે ગયો. બોલ્યો ભાઈ! મારી પાસે તો ફક્ત બે (૨) જ રૂપિયા છે. મને એક માછલી આપીશ? હા, કહી માછીમારો પાણી સાથે એક માછલી સાધુના કમંડળમાં મૂકી. સાધુએ દૂર જઈ આ માછલીને તે જ નદીના પાણીમાં મૂકીને કમડળની અંદર જોઈ ખાત્રી કરી કે માછલી અદર તો નહિં રહી ગઈને! જોયું તો અચરજ! કમંડળમાં તો તે ખોવાયેલો માણેક (હીરો) જ જોયો! (માછલીએ ગળી ગયેલ હીરો પરત આ કમંડળમાં આવ્યો)

અતિ આનંદમગ્ન થઈ મોટાં અવાજે. મળી ગયો! તેમ બોલતો કુટીર તરફ દોડવા લાગ્યો. ઝાડીમાં છુપાયેલ લૂંટારાને થયું આ સાધુ ચોક્કસ મને જોઈ ગયો છે જેથી ચોક્કસ મારી વિરુદ્ધ ફરિયાદ રાજ દરબારમાં કરશે તો? આમ ડરનો માર્યો લૂંટારો દોડતો સાધુ સન્મુખ આવી કરગરવા લાગ્યો લે ભાઈ આ તારી સોનામહોર ભરી થેલી. મને માફ કરી દે! ભલો થઈ મારી ફરિયાદ કરીશ નહિ. આમ સાધુને સઘળું જ સાંપડ્યું!

ટૂંકમાં ઘણાં મત - મતાંતરો પૈકીના જેવા કે 1. 'સમય, સમય બળવાન હૈ, નહિ પુરુષ બળવાન. કાબે અર્જુન લૂંટીયો. વહી ધનુષ્ય વહી બાણ.' 2. 'જેહના ભાગ્યમાં જે સમે (સમયે) જે લખ્યું તેહને તે સમે તે જ પહોંચે.' 3. 'યદા યદા હિ ધર્મસ્ય ગ્લાર્નિભવતિ ભારત.' વગેરે છે. હકીકતે. પુરુષાર્થ, સ્વાર્થ જોગ, સંજોગ, સમય, પરમાર્થ. શક્તિ વગેરેનું પરિણામિક બળ (Resultant force) એટલે વલણ અથવા સમન્વય જ સફળતા (Success) અથવા પ્રાપ્તિ જ!

આ સૃષ્ટિ નાટકની હરપાળ અગાઉથી નિશ્ચિત જ (Pre determine) છે. ભાગ્ય એટલે ફક્ત +ve જ નહિ. -ve પણ. આ તો છે જ 'ભાગ્ય ભવાઈ'

(અનુસંધાન પેજ નં. 23 પર)

દિવ્યદર્શન

પુનઃ શરૂ... સંજયની કલમ સાથે...

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

(રાજયોગી બ્રહ્માકુમાર જગદીશભાઈના અનુભવોના સંકલનમાંથી)

કોઈને યાદ કરવા એટલે કે તેના દેહના બાહ્ય રૂપ-રંગને નહીં, પરંતુ તે વ્યક્તિના ગુણો અને વિશેષતાઓને યાદ કરી, તે ગુણોને સ્વયંના જીવનમાં ગ્રહણ કરવાની પ્રેરણા લેવી. જગદીશભાઈ પ્યારા બાબાની પ્રેરણાઓથી ભરપૂર મહાન વિશેષ આત્મા રહ્યા છે. બાબાની દિવ્ય પ્રેરણાઓને સ્વયં પોતાના જીવનમાં ધારણ કરી અન્ય આત્માઓને પણ તેમણે સતત પ્રેરણા આપતા. તેઓ હંમેશાં બધાને આગળ વધારવાનો સતત પ્રયત્ન કરી પ્રોત્સાહન આપતા રહ્યા છે. તેમનું જીવન એકદમ સાદું, સરળ અને મૃદુ હતું, પરંતુ તેમની સેવાઓ એકદમ ઉચ્ચ કોટિની હતી.

સમયના પાબંધી, સમયથી બે ડગલા આગળ એટલે જગદીશભાઈ - જગદીશભાઈની દિનચર્યા દરરોજ સવારે બે અઢી વાગ્યાથી શરૂ થતી હતી. તે સમયે પ્રિન્ટિંગ પ્રેસમાં કોઈ મેટર છપાવવા આપવાનું હોય તો તે સવારે ૮.૦૦ વાગ્યા પહેલા પ્રેસમાં આપવાનું હોય. જો થોડું પણ મોડું થાય તો બીજા લોકોનું મેટર છાપવાનું શરૂ થઈ જતું. તેમની તબિયત સારી હોય કે ના હોય, ગમે તેવી પરિસ્થિતિ હોય, પરંતુ તેઓએ ક્યારેય પોતાની દિનચર્યા બદલી નહિ. તેઓ સમયના પાબંધી હતા. માત્ર પોતાના જ માટે સમયનું પાલન કરતા હતા એવું ન હતું. તેઓ હંમેશા બીજાઓને પણ સમયનું મહત્વ શીખવતા હતા અને આગ્રહ પણ રાખતા હતા. ક્યારેક દિલ્હીમાં કોઈ જગ્યાએ દસ વાગ્યે મિટીંગ હોય, તો ત્યાં પહોચવાના સમય પહેલા જ તે સ્થાન પર વહેલા પહોચવાનો તેમનો આગ્રહ રહેતો. જો ફક્ત બહેનોને જવાનું હોય, તો પોતે નીચે ઉતરી ત્યાં હાજર રહી બહેનોને માટે નાસ્તો ભરીને ગાડીમાં રાખી દેતા. બહેનોને કહેતા કે, તમે સમયસર પહોંચી જાવ, ટાઈમ થઈ ગયો છે. તમે મોડા પડશો તો તમને મોડા પડેલા જોઈને બીજા લોકો પણ મોડા આવશે. પરંતુ જો તમે સમયસર પહોંચશો, તો બધું કામ પણ સમયસર શરૂ થઈ જશે. જ્યાં સુધી બહેનો સમય પર સેવામાં ના નીકળે ત્યાં સુધી પોતે ત્યાં નીચે આવી ખાસ હાજર રહેતા અને કહેતા કે જલ્દી નીકળો મોડું થઈ ગયું છે. કોઈ કાર્યક્રમ હોય કે કોઈ સ્થળ પર પહોંચવાનું હોય તો હમેશાં તેઓ સમયના ૧૦-૧૫ મિનિટ પહેલા જ પહોંચી જતા, ખાસ સમયનું ખૂબ જ ધ્યાન રાખતા હતા. મારો જગદીશભાઈ સાથેનો વ્યક્તિગત અનુભવ રહ્યો કે આશરે ૩૦ વર્ષ પહેલા જગદીશભાઈને સાંજે ૭.૦૦ વાગ્યાના પ્લેનથી અમદાવાદ થી દિલ્હી જવાનું હતું. તે સમયે પ્લેનનો સમય બદલાયો હતો તેની જાણ મને ન હતી. સામાન્ય રીતે ૧ કલાક પહેલા એરપોર્ટ પર પહોચવાનું હોય અને અમે જયારે એરપોર્ટ પહોચ્યા ત્યારે પ્લેનનો દરવાજો બંધ થવાની તૈયારી હતી. જીવનભર દરેક જગ્યાએ સમય કરતાં વહેલા પહોંચનારા આદરણીય જગદીશભાઈની માટે જાણે પ્લેન અને એરલાઈન સ્ટાફ પણ કોઈ વિશેષ મહાનુભાવની રાહ જોઈ ઉભા રહ્યાં હોય તેમ, તેમના માટે ખાસ વિમાન રોકી તેમને સ્પેશિયલ સુવિધા અને સન્માન સાથે વિશેષ અતિથિના રૂપે તેમને પ્લેનમાં બેસાડવા અમે સૌ કોઈ સાથે ગયા.

સમયની પહેલા ચાલનારા આત્માઓ માટે સમય પણ રાહ જોવે છે તે પ્રત્યક્ષ ઉદાહરણ જગદીશભાઈ જ છે.

જગદીશભાઈ સમયને ખૂબ મહત્વ આપતા. તેઓ કહેતા હતા કે વીતી ગયેલો સમય ક્યારેય ફરી પાછો હાથમાં આવતો નથી. તેમાં પણ ખાસ મૂલ્યવાન સુહાવના સંગમયુગનો સમય. જો એક વાર કોઈના હાથમાંથી આ સમય ગયો, તો કલ્પ કલ્પાતર સમયને ખોવો પડશે. મેં સ્વયં આદરણીય જગદીશભાઈની સાથે સેવામાં અનુભવ્યુ છે કે, તેઓ પોતાની એક પણ સેકન્ડ વ્યર્થ જવા દેતા ન હતાં. ક્યારેક આપણે એવું પણ વિચારી લઈએ છીએ કે, અત્યારે થોડો સમય છે, આ કામ પછી કરીશું. પરંતુ જગદીશભાઈ હમેશાં શીખવતા કે થોડા સમયમાં થોડુંક કામ તો થઈ શકે છે. તે થોડા સમયને પણ વ્યર્થ (નકામો) શું કામ જવા દઈએ? ભાઈજી કહેતા કે, ક્યારે સારો અવસર આવશે? તેની કોઈને ખબર નથી. માટે દરેક ક્ષણને હાથમાંથી જવા નહિ દેવી તે જ અમૂલ્ય અવસર છે. દરેક ક્ષણ અને મોકાનો લાભ લઈ, આપણે આગળ વધવું જોઈએ.

બાબાના આજ્ઞાકારી બાળક એટલે જગદીશભાઈ - એક વખત સાકાર બાબાએ જગદીશભાઈને પત્રમાં લખ્યું કે તમે તમારી તબિયતનું ધ્યાન રાખો. આખો દિવસ કામ કાજ કરો છો તો તેમાંથી થોડો સમય ફાળવીને સાંજે થોડું હરવા-ફરવાનું રાખો, થોડું સહેલગાહ પર નીકળો. જો કામમાં વધુ વ્યસ્ત થઈ જવાય તો સેન્ટરનાં બહેનો તેમને યાદ કરાવતા કે, બાબાએ તમને આખા દિવસના કારોબારમાંથી મુક્ત થઇ થોડો ટાઈમ ફરવાનું કીધું છે. બાબાની આજ્ઞાને માથે રાખીને ફરવા નીકળી જતા પણ પાંચેક મિનિટ જેટલો સમય થાય એટલે એમ કહેતા કે, મને એવું લાગે છે કે મેં ઘણું બધું હરી-ફરી ચાલી લીધું. ચલો હવે ફરી પાછા સેન્ટર પર જઈને સેવામાં લાગી જઈએ. સંગમયુગનો મહામૂલ્ય સમય એમ ને એમ પસાર થઈ રહ્યો છે, આપણા હાથમાંથી જઈ રહ્યો છે, આવા કિમતી સમયે હું ઈશ્વરીય સેવા કરું? કે ફરવા નીકળી જવું યોગ્ય છે? એમ બહાનું કરીને ચાલવા જવાનું ટૂંકાવી, ફરી પાછા કામમાં લાગી જતા.

સાદગીની મૂર્તિ એટલે જગદીશભાઈ - જ્યારે પણ તેઓ બહાર જતા ત્યારે હમેશાં પોતાની સાથે સોય-દોરો રાખતા હતા. કારણ ક્યારેક રસ્તામાં પાયજામો કે ઝભ્ભો જો ફાટી જતો તો તેઓ રીક્ષામાં બેઠા-બેઠા તે સાંધી આગળ કામ માટે નીકળી જતા. જગદીશભાઈને મનમાં કાયમ એવું રહેતું કે યજ્ઞની કોઈપણ નાની-મોટી ચીજ-વસ્તુ ક્યારેય વ્યર્થ કે નકામી ના જવી જોઈએ કે તેનું નુકસાન પણ ન થવું જોઈએ. શરૂઆતમાં તેમણે જે કોઈ કાર્ય કર્યું તે ખૂબ જ ચોક્કસાઈ સાથે ખૂબ જલ્દી જલ્દી કર્યા. કોઈપણ ચીજવસ્તુ હોય તે પોતાના સ્વયંના માટે એકદમ ઓછી માત્રામાં એટલે કે એકદમ જરૂરિયાત પૂરતી જ રાખતા. તેમની પાસે જે કોઈ ચીજવસ્તુઓ, ટોલી, સૌગાત આવતી તો તેઓ અન્ય ભાઈ-બહેનોને અથવા યોગ્ય સેવા માટે તેઓ આપી દેતા અને કહેતા હતા કે મારા ઉપર સૌથી ઓછામાં ઓછો ખર્ચ થવો જોઈએ. ચીજ વસ્તુઓ સૌથી વધુમાં વધુ સેવામાં વપરાવી જોઈએ. ઇકોનોમીના અવતાર હતા. એક-એક રૂપિયાનું ધ્યાન રાખતા. તેઓ હંમેશા એવો આગ્રહ રાખતા કે સેન્ટરમાં ભપકો ના હોવો જોઈએ. સાદગીમાં જ સેવા સમાયેલી છે. સાદગી હોવી જોઈએ. સજાવટ કે આકર્ષણ અને સ્થૂળતાવાળા વાતાવરણમાં સેવા થતી નથી.

(અનુસંધાન પેજ નં. 33 પર)

વિષચક્ર અને સુદર્શન ચક્ર

બ્ર.કુ. અનિલ, સુરત

સંસારને જે માત્ર અમૃતરૂપે જ નીરખે છે તે જીવનમાં ભૂલ કરે છે, જિંદગી વિષ અને અમૃતનું મિશ્રણ છે. એમાં પણ વિષના પ્રમાણમાં અમૃત તો માત્ર થોડા બિંદુરૂપે જ છે. જુઠ્ઠાણા જેવું ઝેર બીજું કોઈ નથી. એક ઝેરમાંથી અનેક ઝેર જન્મે છે. નાગનો ડંખ સારો પણ વેરનો ડંખ ખોટો. આખરે વિષ તો વિષ જ છે. એના ચક્રમાંથી કેમ છૂટવું?

ચક્ર અનેક હોય, મશીનોને ચક્ર હોય છે. વાહનોને હોય છે અને આપણી જિંદગીને પણ હોય છે પણ સુદર્શનચક્ર અસત્ય અને અન્યાયના સંહારનું પ્રતીક છે. સુદર્શનચક્રધારી કૃષ્ણનું એવું નહોતું. કૃષ્ણની જિંદગી સંગ્રામમાં વીતી પણ અસત્ય, અધર્મ અને અન્યાય સામેનો સંગ્રામ હતો. કૌરવોએ પાંડવોને રાજ્યમાંથી જમીનનો એક નાનો ટુકડો પણ આપવાનો ઈન્કાર કર્યો ત્યારે અર્જુનની અંતર ચેતનાને પ્રગટાવવા જ કૃષ્ણે માનવધર્મ પ્રબોધ્યો. એમને એમ લાગ્યું કે અન્યાય એની સીમા ઓળંગી રહ્યો છે ત્યારે જ તેમણે સંહાર માટે સુદર્શન ચક્રનો ઉપયોગ કર્યો.

સંસારના સંઘર્ષમાંથી ક્યારેક વિષ નહીં નીકળે એમ માનવું વધારે પડતું છે. પણ જે માનવી વિષને પચાવી જાણે છે, તેને ગાળી દેવાનું જાણે છે તે વિષચક્રમાંથી મુક્ત રહી શકે છે. સમદ્રમંથનમાંથી જ્યારે અમૃત નીકળ્યું ત્યારે દેવોએ અરસપરસ વહેંચી લીધું. સુખ સૌને ગમે છે. સમૃદ્ધિ અને શાંતિ પણ સૌને ગમે છે પણ દુ:ખ કોઈને ગમતું નથી. સમુદ્રમંથનમાંથી ઝેર નીકળ્યું ત્યારે બધાના પગ પાછા પાડવા માંડ્યા અંતે ‘સત્યમ્ શિવમ્ સુંદરમ્’ એવા ‘નીલકંઠે’ એ ઝેરને પોતાના કંઠમાં સમાવી લીધું. આ જીવનમાં ડગલે અને પગલે ઝેર જોવા મળશે પણ ઝેર જીરવનારા, સમાવી દેવાવાળા નહીં મળે.

સુદર્શનચક્રનો સુદર્શન ચક્રધારીને સમાજમાં ત્યારે ઉપયોગ કરવો પડે છે જ્યારે ધરતી પર વિષચક્ર દશે દિશામાં માઝા મૂકી રહ્યો હોય ત્યારે ‘યદા યદા હી ધર્મસ્ય...’ ના વાયદા અનુસાર એક ધર્મની સ્થાપના માટે સુદર્શનચક્ર સાથે સુદર્શન ચક્રધારીનું દિવ્ય અવતરણ થાય છે. આવું ચક્ર એ જ વાપરી શકે જે વિવેકના, શક્તિના સાગર હોય, સ્વામી હોય. જો માનવી પોતાના સ્વાર્થ કાજે એનો ઉપયોગ કરે તો ચક્ર ગતિશૂન્ય બની જાય છે. જે દિવસે અણું-પરમાણું બોંબના સર્જકો પોતાના વિવેકનો પારો શૂન્ય અંશે લાવશે તે દિવસે તેના ખરા-ખોટાપણાની આંકણી કરવા માટે આપણું અસ્તિત્વ નહીં હોય.

આપણે વિષચક્રના કાદવમાં એટલા માટે ઉતરતા જઈએ છે કે આપણે જૂઠ્ઠાણામાં જીવવું ગમે છે. વેરમાં વહેતા રહેવું ગમે છે, લોભમાં લપેટાતા રહેવું ગમે છે, મોહમાં મહાલતા રહેવું ગમે છે. ભલે આપણો ચહેરો બહારથી આનંદનો દેખાડીએ છીએ, પણ અસલી ચહેરો ચાડી ખાધા વગર રહેતો નથી, કારણ કે વિષ બહાર આવ્યા વગર રહેતું નથી. ક્યાં તો આપણો પ્રાણ લે છે અથવા એનું વમન થાય છે. જિંદગી જીવવા માટે, જીરવવા માટે, જીતવા માટે ‘નીલકંઠ’ સમાન બનવું અનિવાર્ય છે, આવશ્યક છે.

મન અને હૃદયની સમતુલા દ્વારા સર્વોદય કાજે જીવનારા કૃષ્ણ જ સુદર્શનચક્રની શક્તિ અને સામર્થ્યનો યોગ્ય ઉપયોગ કરી શકે. આપણા

હાથમાં પણ એક યા બીજા સ્વરૂપે ચક્ર તો આવે છે. વિચાર, વાણી વર્તન જેવા ચક્ર દ્વારા આપણે અનેક પ્રકારની સૂક્ષ્મ હિંસા કરતાં જ રહીએ છીએ. ત્યારે ત્યારે આપણી જાતને એક જ પ્રશ્ન પૂછવાનો રહે છે કે શું તે હિંસા અનિવાર્ય હતી? શું તે સંઘર્ષ બહુ જ ન હિતાય હતો? જો એના જવાબ ‘ના’ હોય તો એ ચક્ર ફેકેલા સ્થળેથી પાછું આવીને આપણો સંહાર કરશે અને કોઈ પોતાનો સ્વસંહાર ઈચ્છે ખરું?

મિત્રો આપણે પાંચ વિકારોના કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારના રાગ-દ્વેષ-નિંદા-સ્તુતિના વિષચક્રમાંથી મુક્ત થવાનો એક જ રામબાણ ઈલાજ છે. સુદર્શન ચક્રધારીના સર્વશાસ્ત્ર શિરોમણિ, ગીતામાં આવેલ ઈશ્વરીય વચનોનું પાલન કરીએ અને સત્સંગથી જીવનને પ્રભુમય બનાવીએ ત્યારે સુખ-શાંતિ પવિત્રતા જે આપણા ગળાનો હાર જ છે, તેનો અનુભવ કરતા રહીશું અને એવો અનુભવ સ્નેહીજનોને કરાવવા પ્રેરણાસ્ત્રોત બનીએ એવી શુભકામના સાથે....

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 21નું અનુસંધાન)... જ્વાલામુખી યોગ

મારામાંથી ચારે તરફ ફેલાતી શક્તિઓનો અનુભવ કરી રહ્યું છે... આનાથી લોકોનાં દુઃખ, અશાંતિ, દર્દ, તણાવ, વ્યગ્રતા દૂર થઈ રહ્યાં છે અને લોકો પરમ સુખ - શાંતિનો અનુભવ કરી રહ્યાં છે ...બધા આત્માઓ તમોપ્રધાન સંસ્કારોથી મુક્ત થઈ રહ્યા છે... લોકોમાં સર્વપ્રતિ સ્નેહભાવ જાગૃત થઈ રહ્યો છે... સંપૂર્ણ માનવ જાત આ જ્વાલા સ્વરૂપ કિરણોને પ્રાપ્ત કરી આનંદિત થઈ રહી છે.

॥ ઓમશાંતિ ॥

પ્રાર્થના

બ્ર.કુ. શંકરભાઈ પટેલ, ખેરવા, મહેસાણા

કરજોડી કહું છું સર્વને, સમજો તો સારું છે.
નહીં તો આ જુઠી જીંદગીમાં,
સમજ્યા વિના અંધારું છે.
સમજો તો ઘણું સારું છે.
કાયા માયા કામ નહીં આવે,
તેમાં આપણું નથી કાંઈ,
માને જો પોતે પોતાનું
તો પતન તેનું થાય છે.
સમજો તો ઘણું સારું છે.
કામ, ક્રોધ, લોભ, મોહ, મમતા,
લાલચને કાઢો બહાર રે.
નહીં તો એવા એ શત્રુઓ,
કોરી-કોરી જીવને ખાય છે.
સમજો તો ઘણું સારું છે.
વિચારી જુઓ,
આ વિશ્વમાં કંગાલ બની ચાલ્યા ગયા.
આ ભવમાં આવી,
આત્મજ્ઞાન વિના જીવન સઘળું હારી ગયા
સમજો તો ઘણું સારું છે.
કરજોડી કહું છું,
પરમાત્માને તમો અમારી
જ્ઞાન રત્નોની ઝોળી ભરી
સંપન્ન બનાવો અમોને
સમજો તો ઘણું સારું છે.
જ્ઞાન અમૃત પીધા વિના અંધારું છે.

॥ ઓમશાંતિ ॥

મીઠા જગદીશભાઈજી

'સંજય'ને લેખની દ્વારા સ્મરણાંજલિ

બ્ર.કુ. પાયલ (ભોલી), ઉપલેટા

કર્તવ્યનિષ્ઠ એક મહાન લેખક, પ્રવક્તાએ ૧૨ મે એ લીધી ચિરવિદાય
જેની સટીક લેખનીમાં, વાણીમાં નીતરતી જ્ઞાનની યુક્તિયુક્ત ગહેરાઈ
એની રાજયોગની પ્રેરણાદાયી શિક્ષાથી અનેક રુહોએ મેળવી રાહત
'સંજયની કલમ' રૂપે એ બાબાના લાલ આજે પણ છે સેવારત
ઓ પ્યારા - મીઠા જગદીશભાઈજી અર્પણ કરીએ શ્રદ્ધાંજલિ દિલની...

નાનપણથી જ પ્રભુપ્રાપ્તિની ઈચ્છાથી દરેક ધર્મના ગ્રંથોનું કર્યું અધ્યયન
આપની આજ્ઞાકારીતા, વાકચાતુર્યથી સ્વયં શિવબાબાએ કર્યું આપનું ચયન
સાગર સરીખી ધીરગંભીર પ્રકૃતિ, અંર્તનહિત જ્ઞાનરત્નોનો ગુપ્ત ભંડાર
લેખન, પ્રવચન કે હોય યજ્ઞસેવા, બની દધીચિ ઋષિ નિભાવ્યો દરેક કિરદાર
સંસ્થાના મુખ્ય પ્રવક્તા, બહુમુખી આધ્યાત્મિક પ્રતિભાના ધની...
ઓ પ્યારા - મીઠા જગદીશભાઈજી...

ધ્યાનથી સુણવાની, દીર્ઘ પરખશક્તિ, સમાવવાની શક્તિથી બાબાએ કહ્યા 'ગણેશ'
બની મુરલીના દીવાના દરેક શબ્દનું, યજ્ઞના એક એક કણનું મહત્ત્વ રાખ્યું વિશેષ
ગજબની આપની સ્મરણશક્તિ, સમય પહેલાં કામ પૂરું કરવાની નિપુણતા
સમય પર સહયોગ આપી પુણ્ય જમા કરવામાં આપની અનોખી તીવ્રતા
જીવનના પન્ના પર શ્રેષ્ઠ કર્મોની કલમથી લખી ભાગ્યલેખની...
ઓ પ્યારા - મીઠા જગદીશભાઈજી...

જ્ઞાનના સારનું અધ્યયન કરી વિશ્લેષણ કરવાનો ગહન સ્વાભાવિક અભ્યાસ
આપની સારગર્ભિત લેખનીથી લાગતા જાણે સંગમયુગી રાજઋષિ વ્યાસ
200થી વધુ જ્ઞાન યોગના વિષયોને રસીલી શૈલીથી કર્યા લિપિબદ્ધ
વિશ્વસેવા સંગે સ્વ પુરુષાર્થના સંતુલનથી સહુ કોઈને કર્યા સ્તબ્ધ
પ્રભુ વરદાન રૂપે થઈ વર્ષામાં સરસ્વતીના આશિષની...
ઓ પ્યારા - મીઠા જગદીશભાઈજી...

જ્ઞાનના સતત મંથનથી બુદ્ધિને દિવ્ય બનાવી રેલાવ્યાં શુદ્ધ પ્રકંપન
ઓ શિવના 'મનોહર ફુલ' બાબા મમ્માને અનુસરી બની ગયા સંપન્ન
શિવ માશૂકના આશિક બનીને માણ્યું સદા પ્રભુનું સાન્નિધ્ય
બહેનોને સદા આગળ રાખતાં જ્ઞાન-યોગ-સેવા આપના આરાધ્ય
મધુવન મહાયજ્ઞમાં રહેશે સદાય મહેકતી સેવા આપની...
ઓ પ્યારા - મીઠા જગદીશભાઈજી...

॥ ઓમશાંતિ ॥

પ્રસંગ પરિમલ

પરોપકારનું સુખ

વિરાજપુર ગામમાં શ્યામ અને સોહન નામે બે મિત્રો જંગલમાંથી જડી બુટ્ટીઓ શોધીને, ભેગી કરીને શહેરમાં વૈદ્યોને વેચવા જતા હતા. શ્યામ ભગવાનનો ભક્ત હતો. સોહન પણ ભક્ત હતો પરંતુ તે એના કરતાં પણ વધારે તે પરોપકારી હતો. ગામમાંથી શહેરમાં જતાં વચ્ચે જંગલ આવતું હતું. ગામ અને જંગલની સીમા પર દેવીનું એક મંદિર હતું. તે શહેર જતાં પહેલાં દેવીનાં દર્શન કરતા. પણ ફરતાં સમયે જંગલમાંથી મળેલાં કેટલાંક ફળ દેવીને ચઢાવતા. એક દિવસ શહેરમાંથી પાછા ફરતી વખતે એમણે મંદિરની સામે એક અંધ અને બીમાર વૃદ્ધને જોયા. સોહને તેને પાણી પીવડાવ્યું અને જે ફળ લઈને આવ્યો હતો તે એને ખાવા આપ્યાં. પરંતુ શ્યામે વૃદ્ધની તરફ જોયું પણ નહીં અને હંમેશાની જેમ દેવીને પ્રણામ કરીને ગામ પાછો આવ્યો.

બીજા દિવસે પણ સોહન પોતાની સાથે કેટલીક રોટલીઓ લાવ્યો હતો એમાંથી બે એ વૃદ્ધને ખવડાવી દીધી. જંગલમાંથી પાછા ફર્યા પછી એણે કેટલાંક ફળો પણ ખવડાવ્યાં. ઘેર ગયા પછી સોહને જોયું કે ગાય બાંધવાનો ખીલો ઊખડી ગયો હતો. સોહને ખીલો લગાવવા જમીન ખોદવાનું શરૂ કર્યું તો એનો પાવડો કોઈ ચીજ સાથે અથડાયો. એણે ખાડામાં હાથ નાંખ્યો તો સોનામહોરો ભરેલું તાંબાનું વાસણ જોયું. સોહને વિચાર્યું કે આ સર્વ દેવીની કૃપા છે.

બીજા દિવસે સવારે તે વૃદ્ધને મળવા ઘેરથી નીકળ્યો પણ ત્યાં વૃદ્ધ હતા નહીં. એણે દેવીની પૂજા કરી અને પાછો ફર્યો. મળેલા ધનમાંથી એણે જમીન ખરીદી અને ખેતી કરવા લાગ્યો. હવે તે દુઃખીઓને મદદ કરવાની સાથે પોતાના પરિવારની સાથે સુખથી રહેવા લાગ્યો. સોહનની સમૃદ્ધિ જોઈને શ્યામ ઘણું આશ્ચર્ય થયું. એક દિવસ દેવીની સામે બેસીને કહેવા લાગ્યો. મા, હું પણ આપની શ્રદ્ધાપૂર્વક પૂજા કરું છું. પરંતુ મારા ઉપર આપની કૃપા કેમ ના થઈ? શ્યામ મંદિરમાં જ બેસી ગયો. એને ઊંઘ આવી ગઈ. એણે સ્વપ્નમાં જોયું કે દેવીમાં કહી રહ્યાં હતાં, હું તારી ભક્તિથી પ્રસન્ન છું પણ તને તો અસહાય લોકો પ્રત્યે દયા અને કરુણા નથી. એ અંધ વ્યક્તિને તેં મદદ ના કરી. અને મારી પૂજા કરતો રહ્યો. તમારા જેવા પાસે સંપત્તિ આવી જાય પણ એનાથી બીજાઓને શો ફાયદો? સોહન જેવા લોકો તો અસહાય અને દીનદુખિયાને મદદ કરશે. આટલું કહીને દેવીમાં અંતર્ધ્યાન થઈ ગયાં. શ્યામની આંખ ખુલી તો એણે સંકલ્પ કર્યો કે હવે હું અસહાયો અને જેને જરૂર છે તેમને મદદ કરીશ.

નિર્લિપ્ત

રામકૃષ્ણદેવના ભાણેજ હૃદયનાથને એના દુર્વ્યવહારના કારણે કાઢી મૂકવામાં આવ્યો. દક્ષિણેશ્વર મંદિરનો પહેરેદાર રામકૃષ્ણદેવ ઠાકુરની પાસે આવીને બોલ્યો, ‘આપે આ સ્થાન છોડવું પડશે.’ ઠાકુરે કહ્યું, ‘આ તું શું કહી રહ્યો છે હૃદયને જવાનું હશે, મારે નહીં.’ પહેરેદારે કહ્યું, ‘ના મારા માલિકે આપ બંનેને જવા માટે કહ્યું છે.’ કોઈપણ પ્રકારની પ્રતિક્રિયા આપ્યા વિના રામકૃષ્ણદેવે ચંપલ પહેર્યા અને મંદિર બહાર જવાના રસ્તા તરફ ચાલવા લાગ્યા. નિર્લિપ્તભાવની સાકારમૂર્તિ ઠાકુરને જતા જોઈને દક્ષિણેશ્વર મંદિરની સંસ્થાપિકા રાણી રાસમણિના દોહિત્ર ત્રૈલોકબાબુ પોતાની હવેલીથી તરત દોડીને

આવ્યા અને ઠાકુરના પગે પડીને બોલ્યા - 'ઠાકુર! તમે શા માટે જઈ રહ્યા છો? મેં તો આપને જવા માટે કહ્યું નથી. હૃદય આપની સાથે કેટલાં વર્ષોથી દુર્વ્યવહાર કરી રહ્યો હતો એટલે એને જવા માટે કહ્યું હતું.' 'મને જવા માટે નથી કહ્યું.' એવું કહીને ઠાકુર પાછા વળ્યા. ચંપલો ખૂણામાં મૂકીને પછી ધ્યાન-સાધનામાં લાગી ગયા. આવા હોય છે ત્રિગુણાતીત સ્તરના સાચા સાધક!

સુખનું મૂળ

એક માનવી સંન્યાસીની પાસે ગયો અને ધનની યાચના કરી. સન્યાસીએ કહ્યું, મારી પાસે કંઈ નથી. એણે બહુ આગ્રહ કર્યો એટલે સંન્યાસીએ કહ્યું, જાઓ, સામે નદી કિનારે એક પથ્થર પડ્યો છે તે લઈ જાઓ. સંન્યાસીએ કહ્યું તે પારસમણિ છે. એનાથી લોખંડ સોનું બની જાય છે. તે ઘણો પ્રસન્ન થયો. સંન્યાસીને પ્રણામ કરી તે ત્યાંથી ગયો. થોડે દૂર જતાં એના મનમાં એક વિકલ્પ ઉઠ્યો. પારસમણિ જ જો સર્વશ્રેષ્ઠ હોત તો સંન્યાસી એને શા માટે છોડી દેત? તે પાછો આવ્યો અને પ્રણામ કરીને બોલ્યો. બાબા મારે આ પારસમણિ ના જોઈએ. મને એ આપો જેને મેળવીને તમે આ પારસમણિને ઠુકરાવી દીધો. કહેવાનો અર્થ એ છે કે પારસમણિને ઠુકરાવવાની શક્તિ કોઈ ભૌતિક સત્તામાં હોતી નથી. અધ્યાત્મ પણ એક એવી સત્તા છે જેની દૃષ્ટિથી પારસમણિનો પથ્થરથી વધારે કોઈ ઉપયોગ નથી. આનંદના સ્રોતના

(અનુસંધાન પેજ નં. 05 પર)

પ્રભુ પ્રીત

બ્ર.કુ. ભગવાનભાઈ, ટાંક, નડિયાદ

હૃદયની ખાલી જગ્યામાં પ્રભુને મેં મીત બનાવ્યા
જેનો સાથ સહકાર સદા મળશે, એ પ્રભુને મનમાં વસાવ્યા
શ્વાસોશ્વાસમાં શિવની યાદ જ જીવન ધન્ય બનાવે છે
પ્રભુ પ્યારની એક એક પળ આત્માની જ્યોત જગાવે છે

મારા અંતરમનમાં પ્રભુ બિરાજે, મન સદાય હર્ષાય છે
મોહમાયાના બંધન તૂટ્યા, હવે તો દિલ ખુશ થાય છે
શિવ પ્રભુની મીઠી યાદોમાં, મન શાંત થઈ જાય છે
જન્મોથી જેને શોધતા હતા, તેના ગીત હર પળ ગાય છે

પ્રભુ મારા છે વ્હાલા પ્રિયતમ, એના રૂપના ગુણગાન શું થાય
નયનોમાં વસી ગયા પ્રભુ, જીવ પ્રેમ સાગરમાં ગોતા ખાય
ભૂલી શકું ના મારા દિલવરને હૃદય ગદ્ગદ્ થાય
પ્રેમના અવતાર પ્રભુને મુજ જીવન ન્યોછાવર થાય

હવે તો દિલની હર ધડકનમાં, શિવની ગૂંજે છે યાદ
હરતા-ફરતા, શ્વાસે-શ્વાસે હર કર્મે સદા તમારો સાથ
'હું તમારો, તમે મારા' બસ એકની જ લગની લાગી છે
હૃદય-કમળમાં આવી વિરાજો, મનમાં એવી આશા જાગી છે

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 09નું અનુસંધાન)... ભ્રાતા જગદીશ

૧૨.૩૦ સુધી આરામ કરતા. તેમની મધુબનમાં શરીર છોડવાની તીવ્ર ઈચ્છા હતી. એક રાત્રે ગ્લોબલ હોસ્પિટલમાં ૧૨.૩૦ વાગ્યે તેમણે કહ્યું, “મને ખાટલા સાથે લઈ જાઓ.” હું મોટા દરવાજા સુધી લઈ ગયો અને કહ્યું કે “અહીંથી જોઈ લો પાંડવ ભવન” પછી સમજાવીને સુવડાવી દીધા. અંતિમ ઈચ્છા પૂર્ણ કરતા જગદીશભાઈજીએ ૧૨ મે, ૨૦૦૧ના રોજ સુખધામમાં દેહત્યાગ કરી સંપૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરી.

॥ ઓમશાંતિ ॥

અનુવાદ- બ્ર.કુ. વિજય પોશિયા, ઈન્ડિયા કોલોની, અમદાવાદ.

(પેજ નં. 27નું અનુસંધાન)... દિવ્યદર્શન

આપ સમાન બનાવવાની ધગશ એટલે જગદીશભાઈ - તેઓ ભાષણ લખી, તૈયાર કરી, બહેનોને આપતા. પછી બહેનોને કહેતા કે હવે તમે આ બોલો. બહેનો ભાષણ કરવા જાય તો રસ્તામાં ભાષણની બધી પોઇન્ટો પણ એમને યાદ અપાવતા જતા હતા. ભાષણમાં કઈ પોઇન્ટ પછી કઈ પોઇન્ટ બોલવાની છે, એ બધું શીખવાડતા. કોઈ પોઇન્ટ ભૂલી જાય જવાય, તો યાદ પણ કરાવતા હતા. ભાષણમાં શું બોલવાનું છે એ ગોખાવી બહેનોને સ્ટેજ સુધી પહોંચાડી, ભાષણનો કાર્યક્રમ શરૂ કરાવીને, પોતે ત્યાંથી નીકળી જતા હતા. દિલ્હીમાં શરૂમાં કમલાનગર સેવાકેન્દ્રની માતાઓ માટે ખાસ ક્લાસ કરાવતા કે ભાષણ કેવી રીતે કરવું? રીતે કરવું? જયારે માતાઓ ભાષણ લખીને લાવે ત્યારે વાંચે અને ખાસ તેઓ સાંભળતા પણ હતા. એવું નથી કે તેઓ માત્ર જ્ઞાન આપતાં પરંતુ સેવાઓમાં હડ્ડી હડ્ડી આપી. દરેક કાર્ય તેમણે પોતે કરીને બતાવ્યું.

યજ્ઞના સૌ પ્રથમ સેવાકેન્દ્રની સ્થાપના કરનાર એટલે જગદીશભાઈ - ૧૯૫૨માં ભાઈજી જ્ઞાનમાં આવ્યા અને ૧૯૫૩માં દિલ્હી કમલાનગર સેવાકેન્દ્રનું મકાન તેમણે પોતાના નામ પર ભાડા પર લીધું. આવી રીતે શિવબાબાના મહાયજ્ઞનું સૌ પ્રથમ સેવાકેન્દ્ર ખોલવા માટે જગદીશભાઈ જ નિમિત બન્યા.

શ્રધ્ધાભાવથી હ્રધ્યાંજલિ અર્પણમ્.... આ કલમ શ્રધ્યેય જગદીશભાઈજીને સમર્પણ....

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 15નું અનુસંધાન)... રાજયોગ દ્વારા

અભિમાન અને અવગુણોનો પ્રભાવ હશે તો આત્મા કમજોર બનતો જશે.

પરમપિતા પરમાત્મા સર્વશક્તિઓનાં સિંધુ છે તેમની સાથે મન-બુદ્ધિનો તાર જોડવાથી આત્મા શક્તિના પ્રકંપન પ્રાપ્ત કરે છે. શક્તિના અનુભવ માટે શરીરને સ્થિર અને મનનાં સંકલ્પોને શાંત કરીને નીચે જણાવેલા જે શુભ વિચારો છે તેના પર મનને એકાગ્ર કરવું.

હું આત્મા અતિ સૂક્ષ્મ અને શક્તિ સ્વરૂપ છું. એક અણુની જેમ મારું રૂપ અતિ સૂક્ષ્મ છે. મારું રૂપ જેટલું સૂક્ષ્મ છે તેટલી જ મારામાં વધુ શક્તિ સમાયેલી છે. હું કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોનો માલિક છું. તેમનાં બુધ્દ્રિ અને સંસ્કાર પણ મારી આજ્ઞા અનુસાર જ કાર્ય કરે છે. આત્મચિંતનથી હું મારી યથાર્થ શક્તિને ઓળખી રહ્યો છું. જેમ જેમ હું મારા મનને આ વિચારોમાં એકાગ્ર કરતો જાઉં છું તેમ તેમ હું શક્તિથી ભરપૂર પ્રકાશમય સ્થિતિનો અનુભવ કરું છું.

મારા પિતા પરમાત્મા શક્તિઓના સાગર છે. શક્તિના સાગર શિવપિતાનું સંતાન હું આત્મા શક્તિ સ્વરૂપ છું. સર્વશક્તિમાન પરમાત્માની શક્તિ લેઝર કિરણોની જેમ મુજ આત્માની સર્વ કમજોરીઓને ભસ્મ કરી દે છે. હું આત્મા પુનઃ પવિત્ર અને શક્તિ સ્વરૂપ બની રહ્યો છું. હવે બધા શુભ સંકલ્પોને હું જીવનમાં અપનાવીશ. આ જીવનને દિવ્યગુણોથી સંપન્ન બનાવીશ. અન્ય આત્માઓની પણ કમજોરીઓ સમાપ્ત કરવાનું કાર્ય કરીશ.

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં **એપ્રિલ - ૨૦૨૩** માસની **શબ્દાવલી ભાગ - ૨૯**ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે આપના જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની **શબ્દાવલી ભાગ - ૩૦** અહીં પ્રસ્તુત છે. જેની આડી-ઉભી ચાવીઓ ભરશો. આપને આવતા **જૂન - ૨૦૨૩**ના અંકમાં **શબ્દાવલી ભાગ - ૩૦**ના જવાબો મળશે.

સંગમયુગની શબ્દાવલી ભાગ - ૩૦

1	2		3	4	5	6		■	7
8		■	9				■	10	
11				■		■	12		
13		■		■	■	14			
■	■	15	■	16	17		■	■	
18	19		■	20			■	21	
■	22		■	23		■	24		
25	■		■		■	26			■
27			28	■	29			■	30
	■	31			■		■	32	

આડી ચાવીઓ -

1. યજ્ઞના સતયુગના રહસ્યો ખોલનાર મહાન વિભૂતિ (૮)
8. આદત, ટેવ (૨)
9 બધા ઉપર રહેમ કરનાર (૩)
10. ફાસલા, અંતર શબ્દોનું હિન્દી અનુવાદ (૨)
11. જાડુ, મોટું (૪)
12. દાળ શાકમાં ઉપરથી ... નખાય (હિન્દીમાં) (૨)
13. નશો (૨)
14. ઉનાળામાં ....નું શરબત ઠંડક માટે પીવાય (૪)
16. ....યુગ (૨)
18. ....માર્ગની સેવાઓ (૨)
20. જોડાણ, મિલાપ (૩)
21. ફરિયાદ (૨)
22. 1000 વર્ષનો સમયગાળો (૨)
23. રેતીનો પ્રદેશ (૨)
24. અજવાળું (૩)
26. ....ખિદમતગાર (૩)
27. શરીરનું ભાન (૪)
29. ....કરે કમાલ (૩)
31 એક દિશા નિર્દેશ કરતો ખૂણો (૩)
32. અમ્બ્રેલાને ગુજરાતીમાં... કહેવાય (૨)

ઉભી ચાવીઓ -

1. બ્રહ્માબાબાનો જ્વેલરીનો ધંધો ક્યા શહેરમાં હતો ? (૪)
2. ચૂંટણી, ઇલેક્શન (૪)
3. એક ગુણ (૪)
4. રહમ, કરુણા (૨)
5. પ્રથા, પદ્ધતિ (૩)
6. દે....તો છુટે ગ્રહણ (૨)
7. 4 મેનો દિવસ....તરીકે ઓળખાય (૭)
10. જગત, સૃષ્ટિ (૩)
12. પૃથ્વી પોતાની ...પર ફરે છે (૨)
14. કોઇ પણ વાતની રજૂઆત (૩)
15. યજ્ઞના સાહિત્યકાર (૬)
16. સુખ મે... સબ કરે (૪)
17. મનોવૃત્તિ (૩)
19. મોતી ગ્રહણ કરનાર (૨)
21. સતયુગી પદ (૩)
24. દયાળુ (૩)
25. ફોરેનર્સ, પરદેશી (૩)
26. નશો (૩)
28. નિશ્ચય અને ...(૨)
30. નવરાત્રી - શિવ....(૨)

શબ્દાવલી ભાગ - ૨૯ના જવાબોવાળું કોષ્ટક

1 અ	2 ખા	3 ત્રી	જ	■	4 ગુ	ડ	5 ફા	ઈ	6 ડે
7 મ	દ	દે	■	8 રા	જ	■	ક	■	નિ
ર	■	9 વ	10 વ	■	11 રા	ત	12 દિ	વ	સ
13 ના	દ	■	14 સં	15 પ	તી	■	16 લ	ત	■
થ	■	17 પા	ત	રા	■	18 જા	■	19 ન	20 ન
■	21 સે	વ	■	ગ	■	દુ	■	22 વા	મ
23 મિ	લ	ન	■	■	24 સા	ઈ	ડ	સી	ન
■	વે	■	25 અ	ર્થ	■	■	■	■	■
26 ફે	શ	27 ન	■	■	28 મ	29 હા	વી	30 ર	■
31 સ	ન	શૉ	ઝ	ફા	ધ	ર	■	32 સ	હી

દીવમાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને સફળતા માટે શુભકામના આપી સમૂહચિત્રમાં કલેક્ટર શ્રી ફોરમેન બ્રહ્મા IAS, શિક્ષણ અધિકારી ભ્રાતા આર.કે.સિધ્ધ, જાયન્ટર્સ ગ્રુપના પ્રમુખ તથા બ્ર.કુ.ગીતાબેન.

વડોદરા મંગલવાડી ખાતે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' અંતર્ગત 'મહિલા સ્નેહમિલન'માં દીપ પ્રગટાવતાં બ્ર.કુ. રાજબેન, પ્રોફેસર બેલાબેન, ડૉ. જાગૃતિબેન, અંજલિબેન, પ્રો. ડૉ. સવિતાબેન.

ગોધરામાં 'વુમન ડે'ના કાર્યક્રમમાં લાયન્સ ક્લબના પૂર્વ પ્રમુખ ભગિની મનિષાબેન માણકે, વી ક્લબના સભ્ય જ્યોતિબેન ચોક્સી, વિશ્વ હિન્દુ પરિષદના ઉપપ્રમુખ ભગિની નિધિબેન, બ્ર.કુ. સુરેખાબેન.

નવસારીમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિને' આયોજીત મહિલા સ્નેહમિલન કાર્યક્રમમાં ડૉ. અદિતીબેન, બ્ર.કુ.ગીતાબેન તથા બ્ર.કુ. ભાનુબેન.

સુરત સરથાણામાં 'ઈન્ટરનેશલ વુમન ડે'ના આયોજીત કાર્યક્રમમાં SMCના ચેરમેન ભગિની નિરંજનાબેન, ડૉ. નિધિબેન, એડવોકેટ જીજ્ઞાબેન પટેલ, મહિલા મંડળના પ્રમુખ મંજુબેન, બ્ર.કુ. જૈમિનાબેન.

તારાપુરમાં 'મહિલા દિને' તાલુકા કોર્ટમાં આયોજીત કાર્યક્રમમાં ન્યાયાધીશ ભ્રાતા દેવાશું શર્મા, નારી કોર્ટ એસો.ના પ્રમુખ કોમલબેન, TDO એ.એચ.ધાસુરા, વકીલ નીલભાઈ, બ્ર.કુ. હસુબેન તથા અન્ય.

સુરત પરવટ ખાતે 'વિશ્વ મહિલા દિવસે' શહેરની વિવિધ ક્ષેત્રોની નિષ્ણાંત મહિલાઓના સન્માન બાદ સમૂહચિત્રમાં પૂર્વ મેયર અસ્મિતાબેન, મોનાબેન, બ્ર.કુ. સંગીતાબેન, બ્ર.કુ. જેમિનાબેન.

કેશોદમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે' સેવાકેન્દ્ર પર પધારેલ નગરપાલિકાના ચીફ ઓફિસર ભગિની નીલમબેન ઘેટીયાને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. રૂપાબેન.

કુતિયાણામાં 'મહિલા દિવસ'ની ઉજવણીમાં ડૉ. દેવલબેન, ન્યુ એરા સ્કૂલના આચાર્ય નિમીષાબેન, આંગણવાડીના સુપરવાઈઝર નેહાબેન, અગ્રણી વ્યાપારી હસમુખભાઈ, બ્ર.કુ. મૃદુલાબેન .

ગાંધીનગર ખાતે તસ્વીરે ગાંધીનગર દ્વારા 'કરાઓકે સુપર સ્ટાર' સંગીત કાર્યક્રમનું મંગલ દીપ પ્રગટાવતા બ્ર.કુ. કૈલાસબેન, કલાગુરુ ભ્રાતા હરેશ રાઠોડ, સાહિત્ય સભાના અધ્યક્ષ સંજય થોરાત.

અંજાર-કચ્છમાં આયોજીત 'કચ્છ ગુર્જર સમાજ'ના સન્માન સમારોહમાં બ્ર.કુ. ગોદાવરીબેન, બ્ર.કુ. બાબુભાઈ, બ્ર.કુ. દેવેન્દ્રભાઈ, ગાંધીધામ નગરપાલિકાના પ્રમુખ ઈશીતાબેન, સમાજના આગેવાનો, બ્ર.કુ. બહેનો.

સુરત આંબાતલાવડી સેવાકેન્દ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'નાં 'ખુશહાલ મહિલા - ખુશહાલ પરિવાર'કાર્યક્રમમાં સન્માનીત બહેનો સાથે બ્ર.કુ. ફાલ્ગુનીબેન.

ગાંધીનગર સેક્ટર-૩ ખાતે 'પતંજલિ યુવા ભારત અને માનવ સેવા ટ્રસ્ટ' દ્વારા આયોજીત ત્રિદિવસીય યોગશિબિરમાં બ્ર.કુ.સુનીતાબેનનું સન્માન કરતાં યોગાચાર્ય અને યોગ શિક્ષિકાઓ.

પડધરીમાં આયોજીત 'વ્યાપારમાં સફળતાની ચાવી' સ્નેહમિલનમાં પધારેલ વ્યાપારી એસોશીએશનના પ્રમુખ ભ્રાતા લલિતભાઈ, અગ્રણી વ્યાપારીઓ સાથે બ્ર.કુ. કિંજલબેન, બ્ર.કુ. જીજ્ઞાબેન.

અમદાવાદ સારંગપુરમાં 'મહિલા દિવસ'ના ઉપલક્ષ્યમાં સમૂહચિત્રમાં બ્ર.કુ. મંજુબેન, વિકાસગૃહના પૂર્વકાર્યકર દક્ષાબેન, મહિલા કાર્યકર્તા વર્ષાબેન, જૈન સમાજના હર્ષાબેન, બ્ર.કુ. ઉમાબેન.

કલોલ સેવાકેન્દ્ર ખાતે આયોજીત સ્નેહમિલન કાર્યક્રમમાં કેક કટીંગ કરતાં સાધ્વી ગીતાનાથજી, બ્ર.કુ. અરૂણાબેન, બ્ર.કુ. કીર્તિબેન, બ્ર.કુ. ઝીંકલબેન તથા બ્ર.કુ. હીનાબેન.